


# અધ્યાત્મ

વર્ષ : ૧૧ મે–૧૯૯૧ અંક : ૮

## સદ્‌ભાવભરી ભેટ

હરિદ્વારમાં મા ગંગાના પુનિત કાંઠે પણ સાધક ભાઇ-બહેનો તરફથી 'અધ્યાત્મ' માસિકને સદ્‌ભાવભરી ભેટોનો પ્રવાહ ચાલતો રહ્યો, એ પૂ. ગુરુદેવ શ્રી. યોગેશ્વરજી ને પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપા જ લેખાય. આવી મળેલ સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ—

રૂા.

૧૦૧ હેમાબહેન કિરીટકુમાર પટેલ તરફથી પુત્રીના પૂ.મા દ્વારા નામકરણ સંસ્કાર નિમિત્તે હા. મંજુલાબહેન અમીન.

૧૧૩ એક કબીર ભક્ત તરફથી.

૧૦૧ માતુશ્રી લાડુબેનના સ્મરણાર્થે, કપૂરા—શ્રી ધનુભાઈ સુખાભાઈ ભક્ત તરફથી.

૧૦૧ શ્રી લાડુબેનના સ્મરણાર્થે શ્રી શારદાબેન રમેશભાઈ ભક્ત ઓઝ્રના, અમેરિકા.

૧૫૧ શ્રી ધીરભાઈ આર ભક્ત, મેમ્ફીસ—માંદગીઓમાંથી સારા થતાં હા. શારદાબેન રમેશભાઈ ભક્ત ઓઝ્રના.

૧૦૧ શ્રી શાન્તાબેન છોટુભાઈ ભક્ત, કપૂરા—તરફથી શ્રી યતીનભાઈ માંદગીમાંથી સારા થતાં.

૧૦૧ શ્રી યતીનકુમાર ભક્ત, કપૂરા—માંદગીમાંથી સારા થતાં તેમનાં ધર્મપત્ની શ્રીમતી મીનાબેન ભક્ત તરફથી.

૧૬૧ શ્રી મોહનલાલ ભક્ત, કપૂરા—૬૧ મા જન્મદિને હરદ્વારમાં પૂ.મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં.

૨૫૧ શ્રી હરીશભાઈ મગનલાલ કોન્ટ્રેક્ટર, વડોદરા—નોકરી-માંથી સફળ નિવૃત્ત થતાં.

(અનુસંધાન અંદરના પાના નં. ૬૪)

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨—૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર—૧

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| અનોખો સત્સંગ | સર્વેશ્વરીપદરેણુ | ૧૧ |
| નમે તે ગમે | ભાઇલાલભાઇ છાટબાર | ૧૬ |
| ગંગાજીના ઘાટ ઉપર | કુમારી મયૂરી ટેલર | ૨૦ |
| પ્રાર્થના સંભળાય છે | ઉષાદેવી મલ્હોત્રા | ૨૭ |
| મહાન સિદ્ધ પવહારી બાબા | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૪૦ |
| ગંગાયાત્રાની નોંધપોથી | ઇલાબેન ભક્ત | ૪૪ |
| કશુંયે સ્થિર ના | ડો. રણજિત પટેલ | ૫૦ |
| શ્રી ગંગાસ્તુતિ | મા શ્રી સર્વેશ્વરી | ૫૧ |
| મારા ગુરુદેવ (૯) | નારાયણ હ. જાની | ૫૪ |
| સદ્‌ભાવભરી ભેટ | — | ૬૩ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૧ મે–૧૯૯૧ અંક : ૮


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**સંવત ૨૦૩૬, આસો સુદ તેરસ–ધનતેરસ,**
**તા. ૫/૧૧/૮૦ સોમવાર**

આજે ધનતેરસના પવિત્ર દિવસે પૂ. શ્રીની તપોભૂમિનાં દર્શન થયાં. જીવનની આ અતિમૂલ્યવાન પવિત્ર પળો છે જ્યારે અમારા આરાધ્ય પ્રભુની તપોભૂમિના દર્શન થાય છે.

સવારે અમારા ગેસ્ટહાઉસના ઉતારાના ચોકીદારને બોલાવી પૂ. શ્રી પૂછે છે અહીં વૈદરાજનું કુટુંબ રહે છે. તો તે વૈદરાજને ખબર કરો કે અહીં ભારતીબાબાના બગીચામાં ગુજરાતી મહાત્મા રહેતા તે આવ્યા છે. આ ખબર લઇ ચોકીદાર જાય છે. મોટી ઉંમરના પવિત્ર સેવાભાવી પુરુષ તે ચોકીદારની સાથે આવે છે.

એ વૈદરાજને નામે ઓળખાય છે. વૈદનું કાર્ય કરે છે. એમના ત્રણે છોકરાઓ કેળવણી પ્રાપ્ત છે. નોકરી કરે છે. બ્રાહ્મણ છે. પવિત્ર છે. સેવાભાવી છે.

પૂ. શ્રીના પાણી ઉપર નવરાત્રીના ૩૧ દિવસના ઉપવાસ જ્યારે ૧૯૪૫ થી ૧૯૫૨ દરમ્યાન શરુ થયેલા, ત્યારે વૈદરાજનાં ધર્મપત્નીએ પૂ. શ્રી માટે પેંડાની થાળી મોકલેલી. પૂ. શ્રીએ ફરીથી તે પાછી મોકલાવવા પ્રયત્ન કર્યો. પણ એમનો પુત્ર તે ન લઇ ગયો. તો ત્રણ ચાર દિવસમાં કોઇકને આપીને તે પૂરો કર્યો હતો.

પહાડોમાં જવલ્લેજ જોવા મળતી સંતો પ્રત્યેની સેવા-ભાવના આ કુટુંબમાં જોવા મળતી. વૈદરાજનું મકાન કુટિયાની સામે બીજા પહાડ ઉપર દૂર ઉંચાઇ ઉપર હતું.

વૈદરાજની સાથે એમનો પુત્ર ભૈરવતી પણ આવ્યો. બંનેએ પ્રણામ કર્યાં, વાતો કરી. પૂ. શ્રીની તપોભૂમિના પવિત્ર પર્વતીય સ્થાનમાં જવાના માર્ગની વાતો થઇ. વૈદરાજ અને એમના પુત્ર સાથે અમે ધીમે ધીમે પર્વતીય પગદંડીના માર્ગે આસપાસના છોડ પકડી પકડીને કુટિયાએ ગયાં.

પૂ. શ્રીની કુટિયા હાલ તો પાકી દિવાલની બની છે. બહાર પત્થરની પાળ છે. ઉપરનો ભાગ તોડી નાંખ્યો છે. ખૂબ નાની કુટિયા છે. અહીં વડોદરાના જ રેલ્વે અધિકારી નિવૃત્ત થઇ રહે છે. એવું જાણવા મળ્યું. તેઓ હાજર ન હતા. કુટિયા બંધ હતી. ચાવી શોધી મોહનલાલે કુટિયા ખોલી. ખૂબ નાની જગ્યા છે. પૂ. શ્રીને માતાજીની પથારી થાય એટલી જ. વચ્ચે એક વેંત જેટલી જગ્યા માંડ રહે. અંધારી એ કુટિયા અમારા જીવનનું એ મંગલ-મય દર્શન પૂજનીય, પવિત્ર તીર્થસ્થાન હતું.



પૂ. શ્રી જ્યારે આ કુટિયામાં હતા ત્યારે કુટિયા કાચી હતી. ચોમાસામાં પાણી ટપકે એવી, નાનકડી બે બારી હતી. બારીઓને બારણાં ન હતાં. એવી એ કુટિયામાં પૂ. શ્રી સાત વરસ રહ્યા. ગામમાં જવાનું નહીં, ભિક્ષા માંગવી નહીં. મૌન પાંચ વરસ તો રહ્યું. છેલ્લાં બે વરસ માતાજી પણ રહેવા આવ્યાં. એ કુટિયામાં અંધારામાં પૂ. શ્રી બેસી જ રહેતા. નિદ્રા ઉપર સંપૂર્ણ વિજય. દીવો કરવાનો જ નહીં. રાત દિવસ સાધના. પાસે આર્થિક સગવડ નહીં. અયાચકવ્રત એટલે કેટલાય દિવસો અનાજ વિના, પાણી પીને જ ચલાવ્યા. કેટલાય દિવસ મુઠ્ઠીભર કાચા ચોખા ખાઇને પસાર કર્યા.

આ નાનકડી કુટિયાની બહાર આંબાનું વૃક્ષ પ્રકાશના પંથેમાં જેનું વર્ણન છે તે હજી છે જ. ૧૫ થી ૨૦ ડગલાં નીચે ઉતરીએ એટલે કુદરતી રીતે પર્વતીય ઝરણું એ કુટિયા પાસે વહે છે, જ્યાં પૂ. શ્રી દરરોજ સ્નાન કરતા.

પૂ. શ્રીએ બધી સમજ આપી. મોટા મોટા પત્થરો ચોમાસા-માં ગબડતા ને ખીણમાં જતા. માતાજીને ડર લાગ્યો. પૂ. શ્રીએ કહ્યું "જે પરમશક્તિના આધારે અહીં રહીએ છીએ, તે કહેશે તો જઇશું. એ બધી વાતો વૈદરાજે યાદ કરી. રીંછ ક્યાં ઉભા રહેતાં, કેવા સાપો ફરતા, આ બધી વાતો કરી."

આજે તો એની આજુબાજુ થોડી ઝાડી ઓછી થઇ છે, તો પણ આ કુટિયામાં રાત તો ખૂબ જ ભયંકર લાગે. કુટિયાની બહાર પર્વત ને ખીણ જ જોવા મળે. દેવપ્રયાગ ગામ તો દૂર દૂર દેખાય. પણ અહીં ખૂબ શાંતિ લાગી.

કુટિયા જોઇને બહાર ફોટાઓ લીધા. આ પવિત્ર સ્થાનને

કાચમાં કાયમ માટે કોતરવાનું થશે. હૃદયપટ પર આ કુટિયાની સ્મૃતિઓની પ્રેરણા લઈને. નીચે પગદંડી ઉપર અમે પ્રયાણ કર્યું.

પગદંડીનો આ રસ્તો અમે ઉતરતા હતા જેથી સરળ હતો. પણ નીચેના માર્ગે ચઢીને ઉપર જવાનું ખૂબ જ કઠિન હતું. આખાય માર્ગે માતાજીનું સ્મરણ રહ્યું. માતાજી આ માર્ગે રોજ ચઢતાં ને ઉતરતાં, તેમ જ ગામમાં જતાં. શરુઆતમાં જ સરોડાથી હિમાલય આવ્યાં તો ચા પીવાની ટેવ હતી. તેથી દૂધ લેવા જતાં આવતાં. પણ આ પગદંડી એટલી નાની ને ચઢાણ-વાળી હતી કે માતાજી શી રીતે ચઢતાં ઉતરતાં એ જ મોટામાં મોટું આશ્ચર્ય હતું.

પૂ. શ્રી કહેવા લાગ્યા કે "અહીં રહેવું એ જ માતાજી માટે મોટામાં મોટું તપ હતું. સાચે જ આજે પણ એ દિવસોની કલ્પના જ ધ્રૂજારી ચઢાવે એવી છે."

પવિત્ર કુટિયાના દર્શન કરી નીચે ગામમાં જવા વૈદરાજ સાથે અમારું આખુંય ગ્રુપ ઉતર્યું. બસ સ્ટેન્ડ ઉપર જતાં જતાં બે ત્રણ ભાઈઓ મળ્યા જે પૂ. શ્રીને પ્રણામ કરતા હતા.

બસ સ્ટેન્ડથી બંને નદીઓના સંગમ સ્થાને અમે ગયાં. સ્નાન કર્યું. માતાજી આ જગ્યાએ દર અગિયારસે સ્નાન માટે એકલાં આવતાં. માતાજી સાથે આ સ્નાન સંકળાયેલું હોઈ અહીં એક અસ્થિ કુંભનું પૂ. શ્રીએ મંત્રોચ્ચાર સાથે વિસર્જન કર્યું.

સ્નાન બાદ રઘુનાથજીના મંદિરે ગયાં. ઉપર સૌથી જૂનું મંદિર હતું. પાછળ કોઈને સાધના કરવી હોય તો નાનકડી ગુફા હતી, દર્શન બાદ અમે એક ગૃહસ્થના ઘરમાં પ્રવેશ્યાં.



એ ઘર મગનલાલ ભટ્ટનું હતું. તેમનો તો સ્વર્ગવાસ થયો હતો. તેમનાં ધર્મપત્ની ને છોકરાઓ હતા. શ્રી મગનલાલ ભટ્ટના કુટુંબે પૂ. શ્રીની સેવા કરી હતી. તેમનાં ધર્મપત્નીએ ખૂબ પ્રેમપૂર્વક આવકાર આપ્યો. માતાજીની વાતો ખૂબ ભાવથી કરતાં હતાં. જાણે શબરીને ઘેર રામ પધાર્યાં. મગનલાલ ભટ્ટનાં ધર્મપત્નીએ પૂ. શ્રીને ઘણીવાર ભોજન કરાવ્યું હતું. પૂ. શ્રીની ટાઈફોઈડની માંદગીમાં પણ માતાજીને હિંમત આપી સેવા કરી હતી.

તેમના કુટુંબ સાથે ફોટો લીધો. સફરજનનો પ્રસાદ સૌએ લીધો. બસસ્ટેન્ડે આવી ભોજન લીધું.

ઉપર ઉતારા પર જઈ આરામ કર્યો. ત્રણ વાગ્યે વૈદરાજની પણ વિદાય લઈ ફરી ઋષિકેશ આવવા નીકળ્યા. દસેક કિલોમીટર પ્રવાસ કર્યો ત્યાં જ નાનકડો અકસ્માત થયો. નાનકડો થયો એમ ન કહેવાય. ભયંકર રીતે અમારી સાથેની બીજી ગાડી એક ભાડૂતી ગાડી સાથે અથડાઈ. પ્રભુની કૃપા કે સૌ ભક્તો બચી ગયા!

અકસ્માતમાં ભૂલ અમારી ગાડીના ડ્રાઈવરની હતી જેથી જે ભાડુતી ગાડી અથડાઈ તેઓ ખૂબ ગરમ હતા. વધુ પૈસા પડાવવા ને કેસ કરવા ઈચ્છતા હતા. પણ પ્રભુની કૃપા તો જુઓ! ગાડી અથડાઈ ત્યાં જ ત્રણેક મિનિટમાં જ એક મિલિટરી ગાડી આવી. જોશીમઠના મિલિટરી અધિકારી એમાંથી ઉતર્યાં. તેઓ દેવપ્રયાગ થઈ જોશીમઠ જઈ રહ્યા હતા.

એમનો ચહેરો અને વાતચીત એક સજ્જનને શોભે એવી હતી. ખૂબ સમજાવટથી નમ્રતાથી આ પ્રસંગને ફેંસલો આપવાની વાત વિચારી ખૂબ દૂર જવાનું હોવા છતાં એમણે સમય આપ્યો.

મિલિટરી અધિકારી પંજાબી હતા. એમની સમજાવટને પણ માને એવો સામેવાળો પક્ષ ન હતો. છતાં પંજાબી મિલિટરી અધિકારીના પ્રયત્નોથી જ આખોય મામલો સમજાવટથી પત્યો. મિલિટરી અધિકારી જાણે દેવદૂતનું કાર્ય કરીને ફરી પોતાની ગાડીમાં બેસી ગયા. જાણે પ્રભુએ યોગ્ય સમયે યોગ્ય કાર્ય કરવા જ ન મોકલ્યા હોય, એવું લાગ્યું !

ત્યારપછી ગાડી ખસેડી થોડું રીપેરીંગ કરી ગાડી આગળ ચાલી. પણ ગાડી આગળ ચાલે એવું ન હતું જેથી થોડે જઇને અટકી ગઇ. વળી માર્ગમાં હાથ ઉંચો કરી વાહનો ઉભા રાખવાનો પ્રથમ પ્રયત્ન કર્યો ત્યાં જ એક સરકારી અધિકારી જીપ લઇને જતા હતા પણ તેમની પાસે અમારી ગાડીને બાંધવા દોરડા જેવું ન હતું. જેથી તેમણે મદદની સંપૂર્ણ તૈયારી બતાવી છતાં તેમની સેવા પ્રભુને મંજુર ન હોય તેવું લાગ્યું.

વળી બીજું જ વાહન જે ઉભું રાખ્યું તે મેટાડોર હતું અને પ્રભુની કૃપા તો જુઓ! તે વડોદરાનું જ હતું. તેની સાથે બીસ્તરની દોરી બાંધી ગાડી થોડી ચાલી, ત્યાં જ ફરી તે દોરી તૂટી ગઇ. અમારી ગાડી પાછળ જ હતી જેથી અમે આગળ કોઇ દોરડું મળે તો લેવા નીકળ્યા.

એક વૃદ્ધ પુરુષ પોતાના ઘરમાં હતા. તરત જ તેમણે જાડુ વૃક્ષની છાલનું પાતળું દોરડા જેવું સાધન આપ્યું. તેના વડે મોટર બાંધી તો લગભગ ત્રણ કિલોમીટર દૂર એક શિવપૂરી નામનું નાનકડું (પહાડના પ્રમાણમાં ઘણું મોટું) સ્થાન હતું, ત્યાં નજીક આવી ગયા.

એ વૃદ્ધ પુરુષને પૈસાની વાત પૂછી તો એમણે ના પાડી,



ધન્યવાદ આ માનવરત્નને !

વળી શિવપૂરીની છેક નજીક આવતાં ફરી તે તૂટી ગયું, જેથી ત્યાં વળી એક ત્રીજા જ દેવપુરુષનાં દર્શન થયાં. પહાડના મોટા શહેરમાં વરસો સુધી નોકરી કર્યા પછી એક ભાઇ અહીં નોકરી કરતા હતા. તે ભાઇ પોતાનું ફાનસ લઇને જ અમારી પાસે આવ્યા. તેમણે એક તાર લોખંડનો આપ્યો. બદલાની કોઇ અપેક્ષા નહીં. વળી એ તૂટયો તો, જાડા ચાર તાર સાથે બાંધી શકાય એવો મજબૂત તાર જંગલના અંદરના ભાગમાં વૃક્ષની આસપાસ વીંટાળેલો હતો તે અંધારામાં લઇ આવ્યા !

પૈસાની ના પાડી કહે "હું તમારા માટે જ છું" બને એટલી સેવા કરવી મારી ફરજ છે. આવા દેવપુરુષની સેવા લઇ લઇને અમે રાત્રે ૯–૩૦ કલાકે ઋષિકેશ આવી ગયા.

માર્ગમાં ક્યાંય પણ જરૂરથી વધારે રોકાવાનું ન થયું. અકસ્માતની આપત્તિમાંથી પણ સમાધાન મેળવી એક કલાકમાં તો પ્રભુકૃપાથી આગળ વધ્યા. પરિસ્થિતિ એવી હતી કે રાત રોકાણ ત્યાં જ કરવું પડે અને કોર્ટ કચેરીના કેસના ધક્કા તો જુદા! છતાં દૈવી મદદથી આ મહાપુરુષની યાત્રા નિર્વિઘ્ને આગળ વધી. માર્ગમાં બીજા બે પુરુષોએ પણ દૈવી મદદ કરી તેથી ઋષિકેશ આવી પહોંચ્યા.

યાત્રા દરમ્યાન કોઇ દૈવી અનુભવની અમે સૌ અપેક્ષા રાખતા હતા. તો આ દૈવી અલૌકિક અનુભવ શું ન હતો !

રાત્રે ૧૦ વાગ્યે ઉતારાની શોધ કરી તો પોણા અગિયારે કેલાસ આશ્રમ પાસેના ટુરીસ્ટ બંગલામાં વિશ્રામ માટે જગા મળી.

આજના દિવસ ધનતેરસે ઈશ્વરની કૃપાથી કોઇને જાન-હાનિ–નાનું શારીરિક નુકશાન પણ ન થયું! ઈશ્વરની અલૌકિક કૃપા! પૂ. શ્રી કહે સંગમમાં સૌએ સ્નાન કર્યું અને પૂ. માતાજીના નિમિત્તે આ યાત્રા હતી એ પુણ્યકર્મે જ પ્રભુએ રક્ષા કરી.

હે પ્રભુ, તને અમારા અંતરના પ્રણામ. યાત્રાને નિર્વિઘ્ને આગળ વધારી. ઉતારા ઉપર સૌએ આરામ કર્યો. આજે સત્સંગ ન થયો. પ્રાર્થના સૌને કરી લેવાની સૂચના થઇ. હરિઃ ૐ

( ક્રમશઃ )


શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.




હરદ્વારમાં પૂ. મા શ્રી સર્વેશ્વરીનો

# અનોખો સત્સંગ

સર્વેશ્વરીપદરેણુ

હરદ્વારના પાવન તીર્થમાં પૂ. મા શ્રી સર્વેશ્વરી એક માસ રહ્યાં. આર્યનિવાસનો ઉતારો એટલે ત્રિવેણી સંગમ. રંગ અવધૂત–મહારાજશ્રીનો સમાધિખંડ, પતિત પાવની ગંગા માતામાં સ્નાન અને પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં સત્સંગ. આમાં સ્નાન કરવાનું કોને ન ગમે!

અને પૂ. માના આશ્ચર્ય વચ્ચે અનેક સાધક ભાઈબહેનોએ એનો લહાવો લૂંટયો. અધિક માસને લીધે ગુજરાતથી આવેલ અને અન્ય સ્થળોએ ઉતરેલ ભાઇ બહેનોને અજાણતાં પણ પૂ. માના આ સત્સંગોનો લાભ મળ્યો. એમાંના ઘણાંઓના જીવનમાં પૂ. માએ પ્રથમવાર જ પ્રવેશ કર્યો. તેમને લાગ્યું તેમની યાત્રા સાચા અર્થમાં સફળ થઇ. તીર્થમાં તીર્થસ્વરૂપ પૂ. માનો મેળાપ એમના જીવનની શકવર્તી ઘટના બની ગઇ!

### બાળકોના જીવનમાં પ્રવેશ

આ યાત્રાની વિશેષતા એ રહી કે પૂ. માએ નાનાં બાળકો, યુવકો અને યુવતીઓના જીવનમાં–તેઓને સતત કલાકોનું સાન્નિધ્ય ને પ્રેમ આપી–કલ્પી ન શકાય તે રીતે તેઓના જીવનમાં પ્રવેશ કર્યો. ભોળાં, ઉર્મિલ, ભાવનાશીલ બાળકોને જાણે લાગ્યું. "મા–ખરે જ અમારાં 'મા' છે. તે સિવાય આવો પ્રેમ કોણ કરે? આવું વહાલ કોણ વરસાવે! મન ભાવતું ભોજન,

ચોકલેટ કે આઈસ્ક્રીમ કોણ ખવડાવે! બાળકો એમના સાન્નિધ્યમાં એક એવા નિર્દોષ પ્રેમની, મુક્ત લાગણી અનુભવતાં જે એમણે અગાઉ કદી ન અનુભવી હોય."

—આ સદ્‌ભાગી બાળકો હતાં—સુરતનાં શ્રી કંચનભાઈ પટેલનાં ત્રણ સંસ્કારી બાળકો—યોગેન, પ્રીતિ અને મુક્તેશ્વરી, તો મુંબઈની પૂજા અને અમદાવાદની ચૈતાલી. તેમને તો પૂ. માની સાથે જ સાષ્ટાંગ પ્રણામ કરવાની છૂટ અને બેસવાનું પણ પૂ. માના ચરણોમાં. સત્સંગની બેઠકમાં એમાંનું કોઈ બાળક ભજન, ધૂન કે ગીત સંભળાવે તો પૂ. મા ખૂબ પ્રસન્ન થઈ ઊઠે. એને પ્રસાદ આપે, પુષ્પગુચ્છ આપે કે ચોકલેટથી એમનાં ગજવાં ભરી દે. એક એવો પ્રેમભર્યો વ્યવહાર—જેવો તેમણે અગાઉ કદી કોઈ સગાં સ્નેહી પાસેથી ના માણ્યો હોય!

આ પાછળ પૂ. માનો ભાવ એટલો જ કે બાળકમાં જે સારું છે, પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા ને વિશ્વાસનો જે ભાવ છે, તે દૃઢ બને. આજે ભલે એ બાળક એક ચોકલેટ કે પીપરમીટની લાલચે પ્રાર્થના કે પ્રણામ કરતું થાય, પરંતુ સમય જતાં, તે એના જીવનનો ભાગ બની જશે. એના ભાવિજીવનમાં તે સંસ્કારોની આધારશીલા બની રહેશે.

પૂ. મા જપ કરતાં હોય તો બાળસ્વભાવને લક્ષમાં લઈ છૂટ આપતાં કે તેઓ માળા કરે, કંઈક વાંચે કે ચિત્રકામ કરે. એટલે ચૈતાલી, પૂજા કે પ્રીતિ રંગો લઈ ચિત્રકામ કરવા લાગી જતાં. એમનો કલાક કે બે કલાક ક્યાંય પસાર થઈ જતા. તેઓ કેવું રંગ કામ કરતાં ખબર છે? પૂ. માનું નામ સુંદર કલામય રીતે ચીતરતાં તો કોઈ પ્રાકૃતિક દૃશ્ય દોરતાં. આમ પૂ. માએ બાળકોને પોતાના



એવાં તો કરી લીધાં કે તેઓને પૂ. મા પાસેથી છૂટા પડવાનું વસમું લાગે. લાગણીથી રડી પડે! કેવો ભાવસ્પર્શ!

### યુવક–યુવતીઓનાં પણ મિત્ર

તો યુવાન છોકરીઓ ને યુવાન છોકરાઓ પણ એમના પ્રેમમય સંસ્પર્શને પામીને એવાં તો પૂ. માનાં આત્મીય બની ગયાં કે તેમને લાગ્યું કે આ 'મા'માં જ જીવનનું સર્વસુખ ને સંબંધો સમાઈ જાય છે. દુનિયામાં એમના જેવો પ્રેમ કરનાર, મિત્રભાવે માર્ગદર્શન ધરનાર કે આત્મીયતાથી એમના જીવન પ્રશ્નોમાં રસ લેનાર ભાગ્યે જ કોઈ મળી શકે. આ 'મા' પાસે મન મોકળું કરી શકાય, મનની મૂંઝવણો ઠાલવી શકાય, અંગત જીવનની જે વાતો બીજા કોઈને ન કહી શકાય, તે આ 'મા'ને કહી શકાય. કોઈ સંકોચ નહિ, કોઈ પડદો નહિ. એ એક વિશ્વાસુ મિત્ર—સ્નેહી જેના ઉપર ભરોસો કરી શકાય, ભગવાનના જેટલો જ.

પૂ. માના આ પ્રેમમય સંસ્પર્શને પામવાનું સદ્‌ભાગ્ય જેમને મળ્યું તેમનાં નામ છે દક્ષેશ, અતુલ, અજય, સંદીપ, આશીષ, આનંદ, રાજુ, ચિંતન. તો પેલા બે નાના બટુકો જીજ્ઞેશ ને મનીષ પણ. છોકરીઓમાં કીર્તિ, ધરા, વૈશાલી, મૈત્રેયી, મયૂરી, અમી, કીર્તિ (કલોલા) વગેરે.

પૂ. માએ અજબ રીતે આ સહુને પોતાનું પ્રેમભર્યું સાન્નિધ્ય આપ્યું. તેમને રાત્રિના કલાકો સુધી સાંભળ્યા. એમના પ્રશ્નોના વ્યવહારિક ભૂમિકા ઉપરથી જવાબો આપ્યા, તો આધ્યાત્મિક બાબતોના પ્રશ્નો પણ સરલ અને સચોટ રીતે સંક્ષેપમાં સમજાવ્યા. રાત્રિના બાર પછી આ બધાં પૂ. માના આવાસ આગળ ગોઠવાઈ જતાં. પૂ. મા પોતાની લાક્ષણિક રીત મુજબ ખૂબ હસાવતાં,

બધાંને હળવાં ફૂલ કરી દેતાં, અરે! એમને ભૂલાવી દેતાં કે તેઓ કેવી મહાન હસ્તીના સાન્નિધ્યમાં બેઠાં છે? તે પછી જ રંગત જામતી.

પૂ. મા પોતાના બાળજીવનના પ્રસંગો કહેતાં અને પોતે કેવાં તોફાની, જીદ્દી ને મશ્કરાં હતાં તેની વાતો કરતાં. આ બધુ કરવા પાછળ એમનો ઉદ્દેશ એક જ હતો કે આ યુવક–યુવતીઓ આજના સામાજીક પ્રદૂષણોથી બચે, જીવનમાં સમયનું મૂલ્ય સમજે, ટી. વી. કે વિડીયોના ચસ્કામાંથી છૂટી સમયનો ઉપયોગ શિક્ષણ, સેવા કે પ્રભુસ્મરણમાં કરે. પૂ. મા નાના નાના નિયમો આપે. પ્રાર્થના કરવાંનો, થોડા જપ કરવાનો કે સ્તુતિ પાઠ કરવાનો. તે માટે સહુને નાની માળાઓ આપે, સાથે સાથે તેની ગૌમુખી પણ આપે. આવું કોણ કરે! એ 'મા'ને એમની પાસેથી શું લેવાનું છે? કોઈપણ લૌકિક અપેક્ષા વિનાનો પૂ. માનો ભાવ એટલે જ સહુને સ્પર્શી જાય. હૃદય સોંસરો ઉતરી જાય.

પૂ. માનું તપોમય, પવિત્ર અને ઈશ્વર સમર્પિત જીવન જ સહુને વંદનીય લાગે. એ એક દિવ્ય અવતરણ છે, પવિત્ર પ્રેમનો સાગર છે, એવું સહુ કોઈ અનુભવે. એટલે જ એમની ભાવવાહી વાણી સહુના હૃદય સોંસરવી ઉતરી જાય. એ વાણીમાં રહેલું ઓજસ્ સહુને પવિત્ર થવાની પ્રેરણા ધરી જાય.

## સંદીપનું વ્યસન છૂટયું

પૂ. માએ અગિયાર યુવાનોને દશરથાચલ પર્વત ઉપર જવાની આજ્ઞા કરી. એની આગેવાની શ્રી બાપજી અને પંડિતને સોંપી. તેઓ અગાઉ દશરથાચલ ઉપર જઈ આવેલા એટલે માહિતગાર હતા. આ યુવાનો સાથે સુરતના શ્રી ચીમનભાઈ



મહેતા થોડા ઉમ્મરલાયક ગણાય. તેઓ પણ જોડાયેલા. આ પર્વત ઉપર પૂ. શ્રી યોગેશ્વરજીએ સને ૧૯૪૩ માં શિયાળામાં એક માસ રહી સાધના કરેલી. ખૂબ કપરી ચઢાઈવાળું ને પાણીની સુવિધા વિનાનું સ્થળ. છતાં પ્રાકૃતિક સૌંદર્ય ને વાતાવરણ ગજબનું શાંતિદાયક.

આ ટુકડીમાં શ્રી સંદીપ અશોકભાઈ પટેલ પણ જોડાયેલો. પૂ. માના સત્સંગમાં પહેલી જ વાર આવેલો. તેને પાન પરાગ ખાવાની ટેવ. પરંતુ અહીં તો બધા નિર્વ્યસની! એ બિચારો પડીકી ખાવાનું મન થાય એટલે પાછળ રહે. પણ એમ કરતાં બીક લાગે. છેવટે તેણે 'પાન પરાગ' ખાવાની ટેવને છોડી દેવા સંકલ્પ કર્યો અને સંપૂર્ણપણે છોડી પણ દીધી!

દશરથાચલ ઉપર જવાનું મહાન ફળ એ યુવકને મળ્યું. એ વ્યસનમુક્ત બન્યો. કેટલું ધન એ વ્યસનમાં વેડફાતું—તમે કલ્પી શકો છો! રોજના ૫૦ થી ૭૦ રૂપિયા? એને નવું જીવન મળ્યું. એના જીવનમાં પૂ. માએ એવો તો પ્રેમમય પ્રવેશ કર્યો કે તે હવે જીવનમાં કદી વ્યસની બની જ ન શકે! એક સંતના સાન્નિધ્યે યુવાનની જીંદગી સુધારી, એને પ્રભુપંથે ને સેવાક્ષેત્રે વાળ્યો.

○

## સ્થિતપ્રજ્ઞના લક્ષણો

પરમાત્માની સાથેની એકતાનો અનુભવ ના કરનારને મન તથા ઈન્દ્રિયોનો કાબૂ ના કરનારને શુદ્ધબુદ્ધિની પ્રાપ્તિ થતી નથી. તથા ઉત્તમભાવના પણ તેમનામાં ઊઠતી નથી.

# નમે તે ગમે

ભાઈલાલભાઈ છાટબાર

આ વર્ષે નૂતનવર્ષદિને મને મળેલી પૂ. મા સર્વેશ્વરીજીના હસ્તાક્ષરવાળી એક ફોટો તસ્વીરમાં સૂત્રવાક્ય લખેલું છે, જે આ લેખનું શીર્ષક છે.

હૃદય કોઈક ચરણોમાં સમર્પિત હોય એ પર્યાપ્ત છે. હૃદય એટલે કે માણસનો પ્રેમ. માણસ હૃદયથી ઝૂકે તેનું મૂલ્ય છે. માણસની ખુદની હસ્તી હૃદયમાં છે—જ્યાં માણસનો પ્રેમ છે ત્યાં.

હૃદય કોઈક ચરણોમાં રહે તે પૂરતું છે—મસ્તક ના ઝૂકે તો ચાલે. અગર મસ્તક પણ ઝૂકી જાય, હૃદયની પાછળ ગતિ કરે, હૃદયની છાયા બને અને હૃદયને સથવારે ચાલે તો ઠીક તો ખરું.

મસ્તક ના ઝૂકે તો ચલાવી લેવાય કેમકે અંતરના સાચા નમનને મસ્તકના ઝૂકવા સાથે કાંઈ સંબંધ નથી. હૃદય ઝૂકે છે તે પ્રેમને કારણે.

પ્રેમનું પૂર આવે તો ક્યાંક તો તેના પ્રવાહને મોકળો માર્ગ આપવો જ પડે. પ્રેમનું પૂર બે કાંઠે છલકાઈને વહેવા લાગે તો કિનારાને તોડીને વહન કરે છે.

હૃદય ઝૂક્યું એટલે માણસના હૃદયની ભીતરમાં છલકાતી પ્રાર્થનામાં પૂર આવ્યું. તે વખતે માણસનું હૃદય સ્વયંભૂ ઝૂકી પડે છે—વિનમ્રતા અને ઋજુતા માણસની સહજ સ્વાભાવિક પ્રકૃતિ બની રહે અને તે નમી પડે તો નિયતિ તેને માટે અનેક વરદાન



લઈ આવે છે.

આમ તો માણસ સંસાર વહેવારમાં પણ અનેકવાર ઝૂકે છે. સત્તા, પૈસો, પદ અને પ્રતિષ્ઠાનો હાઉ માણસને અનેક પ્રસંગે ઝૂકતો કરી દે છે.

અસલી પ્રશ્ન માણસનું હૃદય વિનમ્રતા પ્રેમ અને પ્રાર્થનાથી ભરપૂર હોય તે છે. પ્રેમ અને પ્રાર્થનાને કારણે હૃદય નમન કરી ઊઠે અને ઝૂકી પડે તો **'જેની શોધ માનવજીવનમાં છે, તે મળી જાય છે.'**

પરમાત્મા સામે માણસ એટલા માટે ઝૂકે છે કે તેના મનમાં કોઈ લાભ, કોઈ લોભ, કોઈ ભય, કોઈ ભવિષ્યની આકાંક્ષા હોય છે—કોઈ મહત્ત્વાકાંક્ષા કામ કરી રહી હોય છે. આવા ઝૂકવામાં સ્વાર્થ હોય છે. સ્વાર્થને કારણે માણસ ઝૂકે તો તે ઝૂક્યો ગણાય? તે તો એક પ્રકારે સોદો કે વાયદો થયો ગણાય.

માણસ પૈસો, પદ, પ્રતિષ્ઠાની સામે સંસારમાં ઝૂકે છે. ઈશ્વર એટલે ઐશ્વર્ય. ઈશ્વરને માટે બીજો શબ્દ છે 'પરમપદ.' તો માણસ આ પદની કે ઐશ્વર્યની આગળ ઝૂકતો હોય તો તે રાજનીતિ કહેવાય—ધર્મ કે અધ્યાત્મ નહિ. આવા ઝૂકવા પાછળ લોભ હશે, ભય હશે—પ્રેમપ્રાર્થનાપૂર્ણ હૃદય નહિ.

જે કોઈ સ્વાર્થથી ઝૂકે છે, તેનું મસ્તક ઝૂકે છે, હૃદય ઝૂકતું હોતું નથી; કેમકે હૃદયને હિસાબની ખબર નથી. મસ્તક હિસાબ ગણીને ઝૂકે છે, પરંતુ હૃદય તો હિસાબ મૂક્યા વગર વિશુદ્ધ પ્રેમથી ઝૂકે છે.

સત્તા સંપત્તિ સામર્થ્ય અને ઐશ્વર્ય વગરની વ્યક્તિ સમક્ષ

પણ વિનમ્ર માણસ ઝૂકી પડતો હોય છે. હૃદય તો ક્યારેક ભિક્ષુકોની સામે પણ ઝૂકી પડે છે.

મસ્તક ભિક્ષુકોની સામે નથી ઝૂકતું. મસ્તક તો સદા સમ્રાટોની સામે ઝૂકે છે.

હૃદય તો ક્યારેક ફૂલોના સૌંદર્ય સામે નમી પડે છે. ફૂલોમાં ક્યાં કોઇ શક્તિ કે સામર્થ્ય હોય છે? ફૂલની જિંદગી પણ કેટલી? બે–ચાર પ્રહર સુધી અસ્તિત્વની માંગપૂર્તિ કરીને વિદાય લઇ લે છે.

હૃદય તો કોમળ અને કમજોર આગળ પણ ઝૂકી પડે છે–ઝૂકતું નથી હોતું.

મસ્તક છે મનુષ્યનો અહંકાર. હૃદય એટલે મનુષ્યનો પ્રેમ. હૃદય કોઇક ચરણોમાં ઝૂકી પડે એટલે વાત બની ગઇ.

મસ્તક ઝૂકે છે ભય–લોભને કારણે–હૃદય ઝૂકે છે પ્રેમને કારણે. પ્રેમ અને ભયનું મિલન ક્યાંય પણ ક્યારેય સંભવિત નથી હોતું.

માણસ ભગવાન સમક્ષ ભયને કારણે ડરી જઇને ઝૂક્યો હોય તો તેનું મસ્તક નમતું હોય છે—હૃદય નહિ.

પ્રેમ–પ્રાર્થના હૃદયનો સ્વભાવ છે. પ્રેમપાત્રની વાત વચ્ચે લાવવી જરૂરી નથી. માણસ કહે કે–પ્રેમ કરવા યોગ્ય પાત્ર મળતાં પ્રેમ કરીશ. પરંતુ માણસની ભીતરમાં પ્રેમ જ ના હોય તો પ્રેમપાત્ર મળ્યેથી માણસ કઇ રીતે પ્રેમ કરી શકશે?

પ્રેમ હૃદયની ભીતરમાં હશે તો પ્રેમનું પાત્ર મળે કે ના મળે તોપણ તે પ્રેમ છલકાઇ ઊઠશે અને અસ્તિત્વમાં જ્યાં ક્યાંય 'સત્યં



શિવં સુંદરમ્' નજરે પડશે તેની સમક્ષ માણસનું હૃદય પ્રેમ–અમૃત વહાવી ઝૂકી પડશે.

હૃદય પ્રેમથી ભરપૂર હશે તો તે હૃદયને આંખ ખોલતાં હજાર હજાર પરમાત્માના દર્શન થશે. હૃદય પ્રેમભરપૂર આંખો દ્વારા જ્યાં દૃષ્ટિ કરશે ત્યાં હજાર હજાર મંદિર દૃશ્યમાન થશે. જ્યાં પ્રેમથી ભરપૂર હૃદયનો ધબકાર હશે ત્યાં કાબા–કાશી સત્યસ્વરૂપે દેખાશે.

જ્યાં પ્રેમભર્યું હૈયું ઝૂકી પડે છે ત્યાં પરમાત્મા પ્રગટ થાયછે. પ્રેમભરી આંખ કણકણમાં પરમાત્માના દર્શન કરે છે.

માણસનો સ્વભાવ ઝૂકવાનો બની રહ્યો હોય તો તે માણસ મોજથી, આનંદથી, અહોભાવથી અને અનુગ્રહનો સ્વીકાર કરીને ઝૂકે છે.

'નમન' જેની મૂળભૂત પ્રકૃતિમાં એકરસ થઇ ગયું હોય–આત્મસાત્ થઇ ગયું હોય તેવો માણસ નમે તે, સહુ કોઇને ગમે છે.

હૃદય પ્રેમનો મુકામ છે. પ્રેમ મંઝિલ છે. પરમાત્માને પ્રેમ કરવો હશે તો પ્રેમને પરમાત્મા માન્યા વિના નહિ ચાલે. હૃદયરૂપી મુકામની પહોંચ એ ગંતવ્યસ્થાન છે. હૃદયની ખિલવણી થતાં 'હોવાપણાં' (Being)ને પમાય છે.

નવમી તારીખે નવ કલાકની અખંડ રાત્રિધૂન

# ગંગાજીના ઘાટ ઉપર

કુમારી મયૂરી ટેલર

હરદ્વારના આર્યનિવાસના ગંગાના ઘાટ ઉપર તારીખ ૯–૪–૧૯૯૧ ના રોજ રાત્રે આઠથી સવારે પાંચ વાગ્યા સુધી ધૂન રાખવામાં આવી.

મને મનમાં એમ થાય કે "મારાથી આખી રાત જગાશે કે કેમ?" કારણ કે હું હજુ સુધી કોઈપણ પ્રસંગમાં આખી રાત સુધી જાગી ન હતી. મને સહજ મનમાં થોડી ચિંતા થઈ કે બીજા બધા ભક્તો ધૂનમાં જશે અને મારાથી નહિ જવાય તો? મને ઊંઘ આવશે તો? તેથી મેં બીજા ચાર–પાંચ ભક્તોને પૂછ્યું કે "તમે કોઈ દિવસ આખી રાત જાગ્યા છો?" તેમણે કહ્યું, "ના, અમે તો કોઈ દિવસ આખી રાત જાગ્યાં જ નથી." એટલે મને થોડી શાંતિ થઈ કે ચાલો. મારા કોઈ સાથીદાર તો છે જ. પણ મનમાં ને મનમાં મેં પૂ. મા પ્રભુને પ્રાર્થના કરી "તમે મને રાત્રે જગાડજો, તમારા હાથમાં જ છે. તમે જગાડો કે સૂવા માટે પ્રેરિત કરો."

પૂ. માએ કહ્યું, "અમારા જીવનમાં પણ આ પહેલો પ્રસંગ છે કે આખી રાત જાહેરમાં ધૂન ગાતાં હોઈએ. છ કલાકની ધૂનનો કાર્યક્રમ કદાચ થયો હશે, પણ નવ કલાકની અખંડ ધૂન તો પહેલી જ વાર થાય છે. પૂ. માએ સૂચના આપી કે દરેક ભાઈ–બહેનોએ રાત્રે ગંગાકિનારે હાજર થઈ જવું. જો ઊંઘ આવે તો શરમ છોડીને ઘાટના પગથિયાં પર આંટા મારવા અને જો બહુ ઊંઘ



આવતી હોય તો ગંગાજીમાં મોઢું ધોઈ નાખવું ને પગ બોળી આવવા. ધૂન શરૂ થાય એટલે મોટેભાગે તો ઊંઘ આવતી નથી, પણ છતાં ઊંઘ આવવાની તૈયારી હોય તો મા–ગંગાના પ્રવાહને જોયા કરવો એટલે ઊંઘ નહિ આવે."

પૂ. માએ ધૂન શરૂ કરતાં કહ્યું હતું કે બધા ધૂનમાં બેસજો, આનંદ આવશે. આ ગંગાનાં નીર દિવસ–રાત એકધારાં વહ્યાં જ કરે છે અને આગળ ને આગળ ચાલ્યાં જ કરે છે. આપણું જીવન પણ ગંગાના પ્રવાહ જેવું જ એક સરખું ચાલ્યાં જ કરે છે. માટે જે સમય મળે તેનો સદુપયોગ આપણે કરી લેવો જોઈએ.

આ ધૂનના કાર્યક્રમમાં કોઈ એક જ પંથ કે સંપ્રદાયના ભગવાનની ધૂન ગાવાની તેવું ન હતું. જેને જે ધૂન ગમે એટલે કે જેને જે ભગવાનની ધૂન ગવડાવવી હોય તેની છૂટ હતી. તેથી જ અનેક નવી ધૂનો સાંભળવાનો પણ લાભ મળી શક્યો. અહીં કોઈના માટે ધર્મનું બંધન નડતું ન હતું. અને તેથી જ બધા સંપ્રદાયના ભક્તોને તે સંકીર્તન માણવાની મઝા આવી.

મારી દૃષ્ટિએ ધૂન એટલે ભગવાનનું નામ ફરીફરી ગાવામાં મસ્ત બનવું. જ્યારે આપણે ધૂન ગાતા હોઈએ ત્યારે બીજું કાંઈ જ યાદ આવતું નથી. આપણી બાજુમાં કોણ બેઠું છે, તેનું પણ ભાન રહેતું નથી. શિયાળાને લીધે મારા હાથની આંગળી ફાટી ગઈ હતી. અને ત્રણથી ચાર આંગળીઓમાંથી થોડું (ફાટમાં આવે તેટલું જ) લોહી નીકળતું હતું, પરંતુ તેની ખબર સુદ્ધાં મને ધૂન ચાલતી હતી ત્યારે નહોતી. સવારે જ્યારે ધૂન પૂરી થઈ ત્યારે મને થયું કે આ મારી આંગળીમાં કેમ ચચરે છે? પછી જોયું તો તેમાંથી સ્હેજ લોહી નીકળતું હતું.

પૂ. માના હાથમાં તો સાતથી આઠ નાના ઘૂઘરાઓના એક ઝૂમખા જેવું હતું તે એક હાથમાંથી બીજા હાથમાં જોરથી–મસ્તીમાં નાંખે. તેનો તાલબદ્ધ સરસ અવાજ આવે, પણ ધૂનની મસ્તીતો ઓર જ હોય છે. ધૂન ચાલતી હોય ત્યારે તેની ખબર રહેતી નથી કે હાથમાં વાગે છે. તેની જાણ તો ધૂન પૂરી થાય અને બીજે દિવસે જ આપણને અનુભવવા મળે છે. પૂ. મા પોતાના હાથ પગ પર પછાડીને તાલમાં એકરૂપ થતાં હતાં. આ ક્રિયા સતત આઠથી નવ કલાક એકધારી ચાલે તો શારીરિક શ્રમ કેટલો બધો લાગે, તેનો આપણે વિચાર કરી શકીએ છીએ. પૂ. માને પગમાં સાથળ ઉપર મોટાં ચકામાં પડી ગયાં હતાં. તેની ખબર પૂ. માને બીજે દિવસે થઇ, કારણકે પૂ. મા તો પોતાની મસ્તીમાં જ એવાં તો ડૂબેલાં હોય કે દરેક ધૂન ઝીલીને સરસ તાલ મીલાવતાં રહે. આપણે પણ જો દેહભાન ભૂલીને ધૂનની મસ્તીમાં મસ્ત થઇ જઇએ તો તેનો અનેરો આનંદ આપણે પણ લૂંટી શકીએ. પરંતુ આપણી એવી પાત્રતા ક્યાંથી?

ધૂન ચાલતી હતી ત્યારે વચ્ચે–વચ્ચે બધી બહેનો ઊભી થઇને ગરબા પણ કરતી હતી. એક બહેનોની લાઇન ગંગાજીના પગથિયે ઊભી હતી અને બીજી બહેનોની લાઇન છેક ઉપરના પગથિયે ઊભી રહીને જોડીમાં ગરબા રમતી હતી. દરેકના મુખ પર આનંદ સ્પષ્ટ દેખાઇ આવતો હતો. દરેકને એમ જ થતું હતું હતું કે આ ધૂનમાં તો મને જ વધુ મઝા આવે છે. તે રીતે બધા પોતાની મસ્તીથી ગરબા રમતાં હતાં. આપણે એ દિવ્ય આનંદનું વર્ણન તો શી રીતે કરી શકીએ? એ વર્ણન કરવામાં તો મને લાગે છે કે કોઇ કવિની કલમ પણ ચાલી ન શકે. તો મારા જેવી તો શી



રીતે વર્ણન કરી શકે? પણ અહીં આપણે તો આપણી શક્તિ પ્રમાણે વર્ણન કરતા હોઇએ. ઘણા સાધકોને આપણે વાત કરીએ કે અમને રાત્રે અખંડ ધૂનમાં બહુ મઝા આવી. તો તે કેટલું સમજી શકે? અને સામી વ્યક્તિને એમ જ થાય કે ગરબા રમ્યા હશે, ઢોલક વગાડયું હશે, મંજીરા વગાડયા હશે એટલે ધૂનમાં મઝા આવી હશે, પરંતુ કેમ સમજાવવું કે ધૂનની મઝા ઢોલક, મંજીરા કે અન્ય વાજીંત્રોથી તો આવે જ છે, પણ ધૂન ગાવામાં જે દિવ્ય પ્રેમની મસ્તી હોય છે. તેની મઝા તો કંઇક ઓર જ હોય છે!

મેં ધૂનમાં એક વિશેષ દૃશ્ય જોયું. એક બાજુ ભારતની પવિત્રમાં પવિત્ર ગંગા નદી વહી રહી હતી તો બીજી બાજુ જગદંબા સ્વરૂપ પૂ. મા સર્વેશ્વરી બિરાજતાં હતાં. આમ બે દિવ્ય માતાઓનો સુભગ સમન્વય આપણે એક સાથે, એક જ સમયે નવ કલાક સુધી માણી શકીએ તો તેના જેવું બીજું ઉત્તમ સદ્‌ભાગ્ય કયું હોઇ શકે? બહુ ઓછાઓના ભાગ્યમાં આ અનુપમ દૃશ્ય જોવાનો, નિહાળવાનો, માણવાનો અને તેમાં પ્રત્યક્ષ સામેલ થવાનો લ્હાવો મળતો હોય છે. મને તો ખરેખર અંતરથી એમ જ થતું હતું કે આના જેવું સ્વર્ગ બીજે ક્યાં મળવાનું? આપણે તો કાંઇ સ્વર્ગ જોવા ગયા નથી, તેથી આપણને કોઇ કલ્પના નથી કે સ્વર્ગસુખ કોને કહેવાય? પરંતુ મને તો નવમી તારીખે નવ કલાકનું સ્વર્ગસુખ મળી ગયું એવો હું અનુભવ કરતી રહી.

સ્વર્ગમાં બહુ–બહુ તો ઇન્દ્રના દરબારમાં જવાનું મળે કે ધારો કે કોઇ ભગવાન પણ જોવા મળે તો પણ તે તમારી સાથે જ નવ કલાક થોડા બેસી રહેવાના! તમને ફક્ત દર્શન આપીને

પાછા જતા રહે, પણ જે સ્વર્ગ મેં અહીં અનુભવ્યું તે સ્વર્ગ આ સ્વર્ગ કરતાં ઘણી ઊંચી કક્ષાનું લાગ્યું અમે તો પૂરા નવ કલાક સુધી સાક્ષાત્ પૂ. માની સમીપ બેઠાં અને પ્રભુના ગુણગાન ગાયા. તો મારી દૃષ્ટિએ તો મને જીવતાં જ નવ કલાકનું સ્વર્ગ તે દિવસે મળી ગયું! આના કરતાં ઊંચી કક્ષાનું સ્વર્ગ આપણને મૃત્યુ પછી મળે તેવી વ્યર્થ આશા રાખવાની શી જરૂર? રાત્રિનું એકદમ શાંત વાતાવરણ, ગંગાનો પવિત્ર કાંઠો અને પૂ. માના સાન્નિધ્યમાં ફક્ત ભગવાનના જ ગુણગાન સાંભળવા મળે, તો તે સ્વર્ગ જ કહેવાય ને!

ધૂન ચાલતી હતી ત્યારે વચ્ચે વચ્ચે ગંગાજીના પવિત્ર જળનું આચમન પણ પૂ. મા કરાવતાં, તેથી ઊંઘ આવતી હોય તો પણ ન આવે. અને તે આંખ પર છાંટી દઈએ તેથી ઊંઘ ઊડી જાય. તેવી જ રીતે ગંગાજીના પવિત્ર જળનું આચમન કરવાથી ગાવાનો થાક પણ દૂર થઇ જતો.

ધૂનનો કાર્યક્રમ ક્યારે પૂરો થઇ ગયો અને સવારના પાંચ વાગી ગયા તેની મને કાંઇ ખબર જ ન રહી! ધૂન ચાલતી હતી ત્યારે પાંચ–છ ભાઇઓએ તો ૧૦૮ દંડવત્ પ્રણામ પણ કર્યાં. ધૂનનો કાર્યક્રમ પૂરો થયા બાદ પૂ. માએ કહ્યું કે આ ગંગાનો પ્રવાહ આપણી ધૂન લઇને સતત નવ કલાક સુધી વહી ગયો અને આપણે એવી પ્રાર્થના કરીએ કે આ સંકીર્તન પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી જ્યાં હોય ત્યાં સુધી પહોંચી જાય! ગંગાનો પ્રવાહ એકધારો વહ્યા જ કરે છે તેમ આપણું જીવન પણ ખૂબ જ તીવ્ર ગતિથી વહી જાય છે. માટે સમયનો સદુપયોગ કરી લેવો જોઇએ. આ ગંગાનો પ્રવાહ કેટલાયનાં અસ્થિ લઇ ગયો હશે, અને એક



દિવસ આપણાં પણ અસ્થિ લઇ જશે. માટે જે તક મળી છે તેનો સદુપયોગ કરવો જોઇએ. આજે આપણે નવ કલાક સુધી નિષ્કામ ભાવે ભગવાનના ગુણ ગાયા તો તે સમયનો સદુપયોગ કહેવાય. આ નવ કલાક ભગવાનના ચોપડે નોંધાઇ ગયા. માટે આવી અમૂલ્ય તક ગુમાવવી જોઇએ નહિ. આવો સમય પાછો આવતો નથી અને આવે તો પણ આવા ભક્તો કે પૂ. માની હાજરી હોય કે ન પણ હોય. પૂ. માએ એક પંક્તિ ગાઇ બતાવી કેઃ—

"આવો અવસર ફેર ન આવે
આવો અવસર ના આવે."

આ કેટલું બધું સાચું છે!

એક આશ્ચર્ય પામવા જેવી વાત તો એ હતી કે કોઇપણ સાધક ભાઇ કે બહેનને સતત ગાવાથી ગળામાં કોઇપણ જાતની તકલીફ ન થઇ, એટલું જ નહિ થાક પણ ભક્તિમય વાતાવરણમાં ભૂલાઇ ગયો! અમે બધાએ આ ધૂનમાં એક નવું દૃશ્ય એ જોયું કે પૂ. મા નવ કલાક સુધી એક જ આસને બેસી રહ્યાં. બધા સાધકોએ બે થી અઢી કલાક સુધી ઊભા રહીને ધૂન ગાઇ કે ગરબા ગાયા, પરંતુ પૂ. માએ તો એક જ આસને બેસીને ધૂનની મસ્તી માણી. ધૂનનો કાર્યક્રમ પૂરો થતાં પૂ. માએ કહ્યું કે આને જ "આસનસિદ્ધિ" કહેવાતી હશે. એક જ આસને નવ કલાક સુધી બેસી રહેવું ઘણું અઘરું છે કારણકે આપણા ઘરે આપણે ટી. વી. સિવાય એક કલાક પણ એક આસને બેસી નથી શકતાં.

જે સાધકોએ આ ધૂનમાં ભાગ લીધો, તે તેમના જીવનનો આ એક યાદગાર પ્રસંગ બની રહેશે. જ્યારે જ્યારે દુઃખ કે કષ્ટ આવે ત્યારે જો આપણે આ અલૌકિક આનંદને યાદ કરીશું તો

કદાચ તે દુઃખ ખરેખર હળવું થઇ જશે અથવા તે દુઃખ કે કષ્ટ સહન કરવાની શક્તિ અને પ્રેરણા પણ મળી રહેશે.

ધૂનનો કાર્યક્રમ પૂરો થયા બાદ બધા ભક્તોએ સ્નાન કર્યું અને બધાએ રોજના નિયમ પ્રમાણેના સવારના ૧૨૫ પ્રણામ કરવાના હતા તે કર્યાં. કોઇ ભક્તને એમ ન થયું કે આટલી વાર તો ભગવાનનું સ્મરણ કર્યું તો હવે પ્રણામ નહિ કરીએ તો ચાલશે. બધાએ ઉત્સાહથી પ્રણામ કર્યાં.

ધન્ય હો એ ધૂનની મસ્તીને!
ધન્ય છે એ ગંગા મૈયાને!

ધન્ય છે પૂ. મા પ્રભુને! જેની પ્રેરણા અને શક્તિથી જીવનમાં મેં પહેલીવાર જ આવો દિવ્ય લ્હાવો માણ્યો. સ્મરણપટ પર સદાને માટે અંકાઇ ગયો.

અંબાજીમાં ક્યાં ઉતરશો?
" સ્વર્ગારોહણ "
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ.ગુ.) ૩૮૫ ૧૧૦



# પ્રાર્થના સંભળાય છે

ઉષાદેવી મલ્હોત્રા

(૧) રજુઆત : નારાયણ હ. જાની

તા. ૧૪ મી એપ્રિલની સાંજે પૂ. માએ મને અને મારાં પત્નીને તેઓના ઓરડામાં બોલાવ્યાં. તે વખતે લગભગ સાત થયા હતા. પૂ. માના ઓરડામાં એક બહેન તેઓનાં ત્રણ સંતાનો સાથે બેઠેલાં હતાં. શ્રી મંજુબેન પણ હતાં. અમોને તે નવાં આવનારનો કોઇ પૂર્વ પરિચય ન હતો.

અમે જ્યારે પૂ. માના ઓરડામાં પ્રવેશ્યાં ત્યારે પૂ. મા તેઓને પોતાના જીવનમાં સતત અનુભવાતી પૂ. ગુરુદેવની કૃપાની વાતો કહી રહ્યાં હતાં.

અમે બેઠાં એટલે પૂ. માએ પૂ. ગુરુદેવ સાથેના અમારા બાળપણના પરિચયની વાતો કહી અમારી ઓળખ આપી. તે બેનનું નામ ઉષાદેવી હતું અને તેઓ પહેલાં મસૂરીમાં મહાત્મા યોગેશ્વર સરસ્વતી શિશુમંદિરમાં શિક્ષિકાનું કામ કરતાં હતાં. છેલ્લા ત્રણેક વર્ષથી તેઓએ પોતાની નાની સરખી સ્વતંત્ર શિક્ષક સંસ્થા પૂ. મહાત્માજીની કૃપાથી જ કરી શક્યાં છે, તેની વાત કરી, પછી અમને પ્રશ્ન પૂછ્યો.

"સંત પુરુષ કે પૂ. યોગેશ્વરજીનું સ્વપ્નમાં દર્શન થાય તો તેનું કોઇ મૂલ્ય કે મહત્ત્વ ખરું? એ શું સારું કહેવાય?"

અમે કહ્યું, "જરૂર સારું કહેવાય, કારણ કે એનાથી એ મહાપુરુષની તમારા પરની કૃપાનો તમે અનુભવ કરશો. વળી

એનાથી તમને આનંદ અને પ્રસન્નતા થશે. બીજાં ગમે તેવાં ભય પમાડનારાં કે સાંસારિક સ્વપ્નદર્શનો થાય તેના કરતાં તે અવશ્ય સારું છે. વળી સંત તુલસીદાસજી જેવા સંત પુરુષોને ભગવાન રામના દર્શન શી રીતે થશે તેનું માર્ગદર્શન સ્વપ્નમાં જ મળેલું."

પછી અમારાં પત્નીએ તેઓની ગળાની ગાંઠની માંદગી પ્રસંગે પૂ. મા શ્રી સર્વેશ્વરી અને પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીનાં થયેલ સ્વપ્નદર્શનોની વાત કરી. પરિણામે એમનો આ દર્દને લીધે ઉત્પન્ન થયેલ માનસિક ભય દૂર થઇ ગયો. એમને એક પ્રકારની માનસિક શાન્તિ થઇ ગઇ. આ અંગે વાત કરતાં અમે શ્રી ઉષાદેવીને કહ્યું કે, જો તેમને બીજા કોઇનું સ્વપ્નદર્શન થયું હોત તો આ પ્રકારની માનસિક શાન્તિનો તેઓ અનુભવ શું કરી શક્યાં હોત ખરાં?

આ ઉપરાંત પૂ. માની સૂચનાથી અમે અમારી માંદગીમાંથી થયેલ અદ્‌ભુત ઉગારાની વાત પણ કરી. અને એ પ્રસંગે પ. પૂ. માએ છેક કપૂરાથી ભાવનગર આવવાની જે કૃપા કરી તે ખરે જ અદ્‌ભુત હતી. પૂ. ગુરુદેવનું સ્વપ્નદર્શન માંદગી દરમ્યાન એકવાર થયેલું, તેનાથી અમોને બચી જવાની હિમ્મત આવેલી તે વાત પણ કરી. અમારો આ વાર્તાલાપ હિન્દીમાં, તો વચ્ચે વચ્ચે અંગ્રેજી વાક્ય પ્રયોગોવાળો ચાલી રહેતો.

આ ઉપરાંત ૧૯૮૯ ના વર્ષ દરમ્યાન અમારા મોટા પુત્ર રાજુનો ત્રણ ગંભીર અકસ્માતોમાંથી પ્રભુ અને ગુરુકૃપાથી કેવો અદ્‌ભુત બચાવ થયેલો તેની વાતો પણ થઇ.

અમારી અને પૂ. માની વાતો સાંભળીને શ્રી ઉષાદેવીએ પોતાનું દિલ ખોલ્યું અને કહ્યું પ. પૂ. ગુરુદેવનો પ્રત્યક્ષ પરિચય



મસૂરીમાં બે ત્રણવાર થયેલો, કારણ કે ગાંધી નિવાસ સોસાયટી સંચાલિત શ્રી સરસ્વતી શિશુમંદિરમાં હું નોકરી કરતી હતી, મેં બેત્રણ વાર નોકરી છોડવા પણ પૂ. શ્રીની સલાહ માંગેલી, પરંતુ તેઓએ તેમ ન કરવાની સલાહ આપેલી. પરંતુ મારું રહેઠાણનું મકાન બહુ દૂર હોવાથી મને શાળાએ આવવા જવાની બહુ તકલીફ પડતી એટલે ત્રણેક વર્ષ ઉપર મેં ત્યાંથી નોકરી છોડી દીધી. અને પૂ. શ્રીની કૃપા તો જુઓ, કોઇ પણ આર્થિક સાધન–સંપત્તિ વિના, નોકરી છોડયા પછી એક જ મહિનામાં મારી સ્વતંત્ર નાની શાળા શરુ થઇ ગઇ. એમાં મને પૂ. મહાત્માજીની કૃપાથી અણધારી મદદો મળતી ગઇ.

તે પછી તેઓએ બીજા બે પ્રસંગોની વાત કરી તે ખરેખર આશ્ચર્ય પમાડે તેવી હતી. શ્રી ઉષાદેવીએ કહ્યું, "શ્રી મહાત્મા યોગેશ્વર સરસ્વતી શિશુમંદિર છોડતી વખતે મેં શ્રી રતનલાલજી પાસેથી પૂ. શ્રીનો એક ફોટો પૂજામાં રાખવા માંગી લીધેલો. તેમાં પૂ. શ્રી પોતાના બે હાથ પલાંઠી ઉપર રાખીને બેઠા છે—એવો ધ્યાનાસનનો એ ફોટો છે. આ ફોટાની હું રોજ પૂજા કરું છું ને તેનું ધ્યાન કરું છું. પરંતુ એમ કરતાં મને એક વિચાર રોજ આવતો કે આ ફોટામાં પૂ. શ્રીના બે હાથ પલાંઠી ઉપર ભેગા રાખેલ છે, તેને બદલે પેલા સાઇબાબાના જેવો, એક હાથ વરદ-મુદ્રામાં હોત તો કેવું સારું! આવો વિચાર મને અનેક વાર આવેલો."

તો એક દિવસ મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું તો પ્રતિ-કૃતિમાંનો તેઓનો એક હાથ ઉંચો થઇને, મારી અપેક્ષા પ્રમાણેની વરદમુદ્રામાં ગોઠવાઇ ગયો. આ જોઇ મને ખૂબ આનંદ થયો.

લાગ્યું કે પૂ. શ્રીનું આ સ્વરૂપ પણ અમારી ભાવના પ્રમાણે પ્રત્યુત્તર વાળવા સક્ષમ છે. તે પછી તો મને અનેકવાર આવું દર્શન થતું રહે છે ને તેથી મને આનંદ થાય છે.

વળી તેઓએ કહ્યું કે મારા ઘરમાં પૂ. યોગેશ્વરજીમાં હું માનતી પરંતુ મેં કદી એવું નહિ માનેલું કે મારા પતિ અને મારાં ત્રણ બાળકોએ (બે પુત્રો ને એક પુત્રી)એ પણ એમને માનવું અને પૂજવું જોઇએ. તેઓ તેમને આપમેળે સ્વીકારે તો મને કોઇ વાંધો ન હતો.

૧૯૯૦ ના ડિસેમ્બરમાં બન્યું એવું કે મારો મોટો પુત્ર અમિત ગાડી લઇને પહેલી વાર જ મસૂરીથી દહેરાદૂન ગયો. સવારનો એ ગયેલો પણ મોડી રાત સુધી પાછો ન ફર્યો એટલે મને ચિન્તા થવા લાગી. મેં ઘણા બધા ભગવાનનાં સ્વરૂપોને પ્રાર્થના કરી.

પરંતુ મને કંઇ ચેન પડે નહિ, આખરે મેં પ. પૂ. યોગેશ્વર-જીનું શરણ લીધું અને હું તેઓના સ્વરૂપ સામે બેસી ગઇ. ખૂબ ગદ્‌ગદ ભાવે મારા પુત્રની રક્ષા કરવા મેં તેઓને પ્રાર્થના કરી એટલું જ નહિ પણ લાગણીના ઉત્કટ આવેગમાં મારીથી એવું કહેવાઇ ગયું કે "હે પૂ. ગુરુદેવ, જો આજે મને મદદ નહિ કરો તો હું આપના સ્વરૂપને મારા પૂજા સ્થાનમાંથી હટાવી દઇશ." મારી આ માનસ સંઘર્ષ સાથેની પ્રાર્થના ચાલી રહી હતી, ત્યારે મેં ઘડિયાળમાં જોયું તો રાતના સાડા દસ થયા હતા. સાથે સાથે મેં માનસિક રીતે સંકલ્પ કરેલો કે મારા પુત્રના જ્યાં સુધી કોઇ સમાચાર નહિ આવે ત્યાં સુધી હું આપની સામેથી ઉઠવાની નથી. પુત્રની ચિન્તાએ મને બાવરી બનાવી દીધી હતી એટલું જ નહિ



પણ જાણે મારી ગુરુદેવમાંની સમગ્ર શ્રદ્ધાને મેં આજે હોડમાં મૂકી હતી.

આમ ઉદ્વિગ્ન મને હું બે એક કલાક પ્રાર્થતી રહી. રાત્રે સાડા બારે મારો પુત્ર પાછો ફર્યો અને બારણું ઠોક્યું. તેને દ્વારમાં ક્ષેમકુશળ પાછો ફરેલો જોઇ મને આનંદ થઇ ગયો.

કેમ આટલું મોડું થયું તેનો ખુલાસો કરતાં કહ્યું, "મમ્મી, શું કરું, બે વ્હીલોમાં પંક્ચર થઇ ગયેલાં. બીજું પંક્ચર તો મસૂરીના રસ્તે જંગલમાં થયું. એટલે ફરી પાછો દેહરાદૂન ગામમાં ગયો. રાતે નવ વાગી ગયા હતા. મોટા ભાગની દુકાનો બંધ થઇ ગઇ હતી. ટાયર એવું ફાટી ગયું હતું કે નવું જ લેવું પડે. શોધ કરતાં ટાયરની એક દુકાન ઉઘાડી જડી આવી."

"એટલે મનમાં થયું ટાયર તો મળશે પરંતુ મમ્મી, ગજવામાં માત્ર દોઢસો રૂપિયા, જ્યારે ટાયરની કિમ્મત તો રૂ. ૪૦૦ જેટલી થાય. એટલે ચિન્તા થવા લાગી. મેં દુકાનદારને મારી વાત કહી. તેણે તે સાંભળીને કહ્યું, 'છોકરા, લાવ દોઢસો રૂપિયા, ને ટાયર તું લઇ જા. બાકીના રૂ. મસૂરી જઇને પછી મોકલાવજે.' કોઇપણ પ્રકારની ઓળખાણ વગર એક તદ્દન અજાણ્યો વેપારી આ રીતે વિશ્વાસ મૂકે ખરો! અમિતને પણ ભલે ભગવાનમાં શ્રદ્ધા ન હોય, પરંતુ આશ્ચર્ય તો અવશ્ય થયું. લાગ્યું કે કોઇ દિવ્ય શક્તિએ એને આજે મદદ કરી."

"પરંતુ મમ્મી, ખરી કસોટી તો હવે હતી. ટાયર નવું લઇ તૈયાર કરાવ્યું તો ખરું પરંતુ તેને લઇને રસ્તામાં જ્યાં મોટર પડેલી ત્યાં સુધી પહોંચાડવું શી રીતે? તે વખતે રાત્રે સાડા દસ થવા આવેલ. રસ્તા ઉપર વાહનોની અવરજવર પણ બંધ થઇ

ગયેલી. એટલે રાહ જોઇને ઊભો રહ્યો. થોડીવાર થઇ ત્યાં એક સફેદ વસ્ત્રધારી જીપગાડી લઇને ત્યાંથી નીકળ્યો. મેં હાથ ઊંચો કર્યો એટલે એણે મારી પાસે ગાડી રોકી. પૂછ્યું, "ક્યાં જવું છે?" મેં મારી ગાડી જ્યાં પડેલી તેની નિશાની વર્ણવી. તેણે પહેલાં તો કહ્યું કે મારે તો નજીકના ગામમાં જવું છે. ચાલો, ત્યાં સુધી તને લીફ્ટ આપું."

"મને થયું ચાલો એટલા સુધી તો એટલા સુધી. પછી આગળ જોઇ લેવાશે. એમ કહી ટાયર લઇ હું તેની જીપમાં બેસી ગયો. પેલું એણે કહેલું ગામ આવ્યું એટલે મેં ઉતરવાની તૈયારી કરવા માંડી તો તેણે કહ્યું, "ચાલ ભાઇ, તારી ગાડી જ્યાં પડેલી છે, ત્યાં સુધી મૂકી જાઉં. તને અડધે ઉતારું તો લીફ્ટ આપવાનો કંઇ અર્થ નહિ ને!" મને તેના આવા જવાબથી આનંદ અને આશ્ચર્ય બન્ને થયાં—છેવટે મને ત્યાં સુધી પહોંચાડી ગયો એટલું જ નહિ, પરંતુ બેટરી કાઢી, ટાયર ચઢાવવામાં મદદ પણ કરી, તેના આવા વ્યવહારથી, મમ્મી મને ખૂબ આશ્ચર્ય થયું. માણસો આટલા ભલા ને પરગરજુ હોઇ શકે, એનો જીવનમાં પહેલીવાર અનુભવ થયો."

આથી મેં એમનો આભાર વ્યક્ત કરતાં એમનું નામ પૂછ્યું, 'તો તેમણે શું કહ્યું ખબર છે?'

'ભલા નામ જાનકે ક્યા કરેગા? ઇતના યાદ રખના કી જબ કીસીકો મદદકી જરૂરત હોવે, તો મદદ કર દેના. વોહિ હમારી પહચાન હોગી?'

આ સાંભળીને એની માતા ઉષાદેવીએ કહ્યું કે "બેટા, મારી પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપે પૂ. ગુરુદેવ પોતે આવો વેશ ધારણ કરી



આવ્યા હશે અગર તેઓએ કોઇને પ્રેરણા કરી મોકલ્યો હશે. નહિ તો આવું ન બને. મને આમ એ પરથી લાગે છે કારણ કે બરાબર સાડા દસે જ હું હૃદયપૂર્વક ગુરુદેવને પ્રાર્થના કરવા બેઠેલી. બરોબર એ જ સમયે તને મદદ પહોંચી એટલે મારી શ્રદ્ધા દૃઢ બની."

એના પુત્ર અમિતને પણ આ વાત સાંભળી શ્રદ્ધા બેઠી કે પૂ. ગુરુદેવે જ એને મદદ પહોંચાડી હોય.

જીવનમાં પહેલી વાર એણે તે દિવસે પૂ. ગુરુદેવના સ્વરૂપને ભાવપૂર્વક વંદન કર્યા અને પછી તો સમગ્ર પરિવાર માટે પૂ. ગુરુદેવને વંદન પ્રણામ કરવાની પ્રથા શરૂ થઇ ગઇ.

ભાઇ અમિત અને શ્રી ઉષાદેવી મલ્હોત્રાના જીવનની આ ઘટનાએ જીવનને નવો મોડ આપ્યો. સમર્થ સંતો અને પ્રભુની સર્વ સમર્થતાની શક્તિ વિષે શ્રદ્ધા જાગી. પરિણામે પૂ. શ્રીનું નિત્ય સ્મરણ અને વંદનાનો નવો કાર્યક્રમ પરિવારના સભ્યોમાં ઉમેરાયો. ગમે તેટલા ઉપદેશો કદાચ જે ન કરી શક્યા હોત, તે શ્રદ્ધા જગાડવાનું કાર્ય આ ઘટના માત્રએ કરી દીધું. પ્રભુની શક્તિ ને સંતોની એવી શ્રદ્ધાપ્રેરક લીલાઓનો જય હો! જય હો!

* * *

(૨)

## 'લાગ પગે'

હરિદ્વારમાં તા. ૧૮ મીની સવારના પ્રણામમાં પૂ. માના આવાસના હોલમાં હું થોડો વહેલો હાજર થઇ જાઉં છું. હજી ૭–૨૦ થઇ છે. પૂ. મા ૭–૪૫ પ્રણામ શરુ કરે છે. એટલે હું આંખ બંધ કરી જપ અને પ્રાર્થના કરું છું.

પૂ. માના સાન્નિધ્યમાં જપ અને પ્રાર્થના પૂ. માના જ હોય એ કહેવાની જરૂર ખરી?

ૐ માના જપ કરતાં કરતાં અચાનક મારા મનમાં વિચાર સ્ફુરે છે. "સેવામાં રહેનારી આ બહેનો કેટલી બધી ભાગ્યશાળી છે કે તેઓ વહેલી સવારસાંજ પૂ. માને તેઓના આવાસમાં જ પ્રણામ કરી શકે છે. મારા જેવાને તો એવો લાભ ક્યારેય ન મળે."

જપ સાથે સાથે એ વિચાર પણ ગાઢ બનતો રહ્યો. 'શું મને પૂ. માને અત્યારે પગે લાગવાનો અવસર મળે ખરો!'

મારી આંખ બંધ હતી ને હું પૂ. ગુરુદેવ અને પૂ. માને ભાવપૂર્વક યાદ કરી રહ્યો હતો. આમ દસેક મિનિટ થઇ અને અચાનક મેં અનુભવ્યું કે મારા માથા ઉપર કોઇ સ્પર્શ કરી રહ્યું છે. મેં તુરત જ આંખ ઉઘાડી જોયું તો શ્રી મંજુલાબેન ભાવસાર મારી પડખે ઊભેલાં. તેઓએ ધીમેથી મને કાનમાં કહ્યું, "મા, અંદર બોલાવે છે."

મને ઘડીભર થયું, અંદર ઓરડામાં શા માટે બોલાવતાં હશે!

હું અંદર ગયો તો પૂ. માના મોઢામાંથી જે શબ્દો નીકળ્યા તે સાંભળી હું ખરે જ દિગ્મૂઢ થઇ ગયો! તેઓ જરા જોરથી બોલ્યાં "લાગ પગે!" ઓ મા, તમે ખરે જ અંતરયામી છો. એટલું બોલતાં આંખમાં ઊભરાતાં હર્ષના અશ્રુ સાથે મેં તેઓનાં ચરણો ઉપર મારું મસ્તક મૂકી દીધું. પૂ. માએ પ્રેમપૂર્વક પોતાનો વરદ-હસ્ત સ્મિત સાથે મૂક્યો. પછી મને કહે, 'જુઓ, તમારા મહાત્મા-



ના આ સ્વરૂપને. તમે કદી આવો શણગાર કરેલ જોયો છે?

મેં જોયું તો પૂ. શ્રીના સ્વરૂપને મોગરાના ફૂલોની માળાઓને ગૂંથીને કોટ જેવું બનાવેલું. સુગંધિત પુષ્પોના આ નવા પ્રકારના વસ્ત્રપરિધાનમાં એ સ્વરૂપ ખરે જ સુંદર રીતે શોભતું હતું. મેં તેને પ્રણામ કર્યા ને કહ્યું, "પૂ. માએ અંતરયામી બની અમારી સવારના પહોરમાં ચરણોમાં પ્રણામ કરવાની ભાવના પૂરી કરી, તેમાં આજે આપ પ્રભુ નિમિત્ત બન્યા. ધન્ય છે આપને ને પૂ. માને."

મેં કહ્યું, "હે મા, આજે સવારે જ બહાર બેઠાં બેઠાં હું આપના શ્રી ચરણોમાં સવારના પહોરમાં પ્રણામ કરી શકું તો કેવું સારું! એવા જ ભાવથી જપ અને પ્રાર્થના કરી રહ્યો હતો ને આપે બોલાવ્યો ને સત્તાવાહી સ્વરમાં પગે લાગવા આદેશ આપ્યો એટલે ખરે જ મા, મારી અંતરની પ્રાર્થના સંભળાઇ. એવું જ મને લાગ્યું.

હે મા! આપનું આ નાનું નાજુક સ્વરૂપ અને તેમાં નાનકડું હૈયું અને હે મા એ હૈયામાં ગાગરમાં લહેરાતા સાગરસમો પ્રેમનો મહેરામણ! કેટકેટલાં સંતપ્ત હૈયાઓને એ ઠારી રહ્યો છે? વિશ્વના ખૂણે ખૂણેથી નાનાં બાળકો અને મોટેરાઓની કેટકેટલી આંખો આપનાં દર્શનની આતુરતાપૂર્વક, પ્રેમપૂર્વક પ્રતીક્ષા કરી રહી છે! એવું કયું બળ છે જે પૂર્ણિમાના ચંદ્રથી આકર્ષાતા સાગરની જેમ અનેક હૈયાઓમાં પ્રેમની ભરતીના મોજાં ઉત્પન્ન કરી રહ્યો છે! આનો જવાબ એક પ્રભુસિવાય બીજું કોણ આપી શકે?

* * *

(૩) મમતા પી. ભાટિયા

પ્રાર્થના માત્ર શબ્દોનો સમૂહ નહિ, એ તો ભક્તના હૃદયના ભાવ જે પ્રેમથી ભીંજાઇને અંતઃકરણમાંથી નીકળે છે તે પ્રાર્થના. પ્રાર્થનામાં શબ્દોનું જાજુ મહત્ત્વ નથી, ભાવનું મહત્ત્વ છે. પ્રેમ અને દર્દનું મહત્ત્વ છે. પ્રાર્થના એ આર્ત હૃદયની પુકાર છે. પ્રાર્થના એ પ્રભુપાસે સંદેશો મોકલવાનો વાયરલેસ છે, એવો વાયરલેસ જે સૃષ્ટિના સર્જનથી લઇને હજી સુધી ખોટવાયો નથી. સ્વામી રામતીર્થજીએ કહ્યું છે કે 'પ્રાર્થના કરવી એટલે ફરી ફરી શબ્દો ઉચ્ચારવા, એમ નહિ, પ્રાર્થના એટલે પરમાત્મા સાથે ગોઠડી, પરમાત્માનું ચિંતન અને અનુભવ. પ. પૂ. મહાત્મા યોગેશ્વરજીએ 'પ્રાર્થના સાધના છે' એ વિષય પર એક સુંદર પુસ્તક લખ્યું છે, જે ગુજરાતી સાહિત્ય માટે મોટી ભેટ છે. પૂજ્ય ગાંધીજી એમ કહેતા કે પ્રાર્થના માગણી નથી, આત્માની ઝંખના છે. પ્રાર્થના ડોશીમાનું નવરાશની પળોનું મનોરંજન નથી, પ્રાર્થના અંતરનું જોડાણ છે–પ્રભુ સાથેનું કે પોતાની જાત સાથેનું.

સૂરદાસ, તુલદાસ, દ્રૌપદી, મીરાં, નરસી, તુકારામ, મહાત્મા યોગેશ્વરજી વગેરે સંતોના જીવનચરિત્રમાંથી અનેક દૃષ્ટાંત જોવા મળે છે કે જ્યારે જ્યારે ભક્ત આર્ત હૃદયથી પ્રભુને પોકારે છે, ત્યારે ત્યારે પ્રભુ અચૂક સહાયક થયા છે. પરમ પિતા પરમાત્મા, સંત કે ગુરુના રૂપમાં પણ અવશ્ય પ્રાર્થના સાંભળે છે. મારા પોતાના અનુભવનો એક દાખલો અહીં આપું છું કે પૂ. મા–પ્રભુએ કેવી રીતે મારી પ્રાર્થના સાંભળી?

આ વાત ૧૯૮૪ ના વર્ષની છે. તે વર્ષે અમે આહવામાં હતાં, અને પૂ. મા સુરત પધાર્યાં હતાં. આહવાથી એક ભાઇ, શ્રી



ભાવસાર જેઓ સુરતના વતની છે, તેઓ શનિ–રવિની રજાઓમાં સુરત ગયા હતા અને એમને પૂ. માના દર્શન કરવાનો લાભ મળ્યો. પૂ. મા સર્વેશ્વરીએ એમને પૂછ્યું, "આજકાલ સર્વિસ ક્યાં છે?" શ્રી ભાવસારભાઇએ ઉત્તર આપ્યો, "હું આહવામાં છું." પૂ. માએ તરત જ કહ્યું, "આહવામાં મારી દીકરી મમતા પણ રહે છે એને જઇને કહેજો કે પૂ. માએ યાદી આપી છે."

એ વાત શ્રી ભાવસારભાઇએ આહવા આવીને મને કહી. તે સાંભળીને હું ખૂબ રાજી થઇ કે પૂ. મા સુરત પધાર્યાં છે અને આ જીવને યાદ કરે છે. મને એમ થયું કે મને પાંખો હોત તો તરત ઉડીને પૂ. માના દર્શન કરી આવત. સાંજે મારા પતિ ઓફીસથી ઘરે આવ્યા. મેં એમને મારા મનની ઇચ્છા દર્શાવી, કે સુરત ખાતે કોઇ કામ શોધી કાઢો કે જેથી પૂ. માના દર્શન પણ કરી શકીએ. એમની હેડઓફીસ સુરત જ હતી. એમણે જવાબ આપ્યો, "આજકાલ તો હું ખૂબ જ કામમાં વ્યસ્ત છું. કોઇ પણ હિસાબે હું હેડ–ક્વાર્ટર છોડી નહિ શકું." આ સાંભળી હું એકદમ ઉદાસ થઇ ગઇ! પણ તરત જ સ્વસ્થ થઇ મેં પ્રાર્થનાનો આશ્રય લીધો કે 'હે મા! જો મને યાદ કરી છે, તો કોઇ પણ એવો ઉપાય ઘડી કાઢો કે હું આપનાં દર્શન કરી શકું.' આખી રાત મનથી આવી પ્રાર્થના જ કરતી રહી.

બીજે દિવસે સાંજે મારા પતિએ ઓફીસથી આવીને મને કહ્યું, "આવતી કાલે સવારે અમારી સુરતની ઓફીસમાંથી અમુક ફાઇલ લઇને અમદાવાદ જવાનું છે." આ વાત જાણી મારી પ્રસન્નતાનો પાર ન રહ્યો કે પૂ. માએ મારી પ્રાર્થના સાંભળી. બીજે દિવસે સવારે મેં નાસ્તો તૈયાર કર્યો પણ મનમાં સંકલ્પ કર્યો

કે પૂ. માનાં દર્શન પછી જ હું નાસ્તો કરીશ. પછી મને મારા પતિ જ્યાં પૂ. માનો ઉતારો હતો ત્યાં બેસાડી, પોતે ઓફીસમાં જતા રહ્યા. જતાં કહ્યું કે "હું કલાકમાં પાછો આવું છું." પૂ. માના ઉતારા પર કલ્પુબેન પાસેથી જાણવા મળ્યું કે બે વાગ્યે દરવાજો ખુલશે અને માનાં દર્શન થશે. અંતે પ્રતિક્ષાની ઘડીઓ પૂરી થઈ, દરવાજો ખુલ્યો, પૂ. માનાં દર્શન થયાં. તેઓને પ્રણામ કર્યાં તો તેઓએ પ્રસન્નતા વ્યક્ત કરી પૂછ્યું, "અરે, મમતાબેન ક્યારે આવ્યાં? જમ્યાં કે?" મેં મારા સંકલ્પની વાત તેઓને કરી. તુરત જ પૂ. મા ઉઠીને રસોડામાં ગયાં, થાળી લીધી અને જે ટીફીન કલ્પુબેન માટે હતું તે ખોલી, પોતાના હાથે થાળી પીરસી, મને બોલાવી. કહ્યું, "લો, બેસી જાઓ અને જમી લો." તે દિવસે અગિયારસ હતી એટલે કલ્પુબેન જમી નહોતી અને ટીફીન એમને એમ ભરેલું હતું. મારે માટે તે પ્રસાદ નહિ, પણ મહાપ્રસાદ બની ગયો. મને મજા પડી. અદ્દભુત આનંદ આવ્યો, જેનું વર્ણન કરવા મારી પાસે શબ્દો નથી. જેમ મૂંગો મીઠાઈનો સ્વાદ ન કહી શકે, તેમ આ મહાપ્રસાદે જે પરમસુખનો મને આસ્વાદ કરાવ્યો તેનું વર્ણન કરવું મારે માટે અશક્ય છે. એ મહાપ્રસાદ ખાધા પછી કેટલા દિવસ સુધી હું રોજ જમવા બેસતી, પણ જાણે ઈચ્છા વિરુદ્ધ ખાવાનું ગમે જ નહિ.

તે દિવસે ત્યાર પછી સત્સંગ ચાલ્યો અને સાડાચાર સુધી બીજા સાધક ભાબિહેનો સાથે સત્સંગની ગંગામાં સ્નાન કરવા મળ્યું. મારા પતિ જે એક કલાક માટે ગયા હતા, તે ઓફીસના કામમાં એવા તો અટવાઈ ગયા કે છેક સાંજે છ વાગે મને લેવા માટે આવી શક્યા! જો તેઓ તેમના કહેવા પ્રમાણે કલાકમાં જ



પાછા ફર્યા હોત તો મને પૂ. માનાં દર્શન જ ન થાત; તો વળી પૂ. માના વરદ હસ્તનો પ્રસાદ તો હું શી રીતે પામી શકત!

જે માએ મારી પ્રાર્થના સાંભળી, પ્રેમથી દર્શન દીધાં, મારી શારીરિક ભૂખ પણ મટાડી તે મા શું મારી અલૌકિક ભૂખ પણ નહિ ભાંગે?

* * *

પ્રભુવિણ જે કંઈ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

# મહાન સિદ્ધ પવહારી બાબા

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

ધારણા, ધ્યાન અને સમાધિની એકત્ર સાધના કરવામાં આવે તેને યોગની પરિભાષામાં સંયમ કહેવામાં આવે છે. આવા સંયમ દ્વારા મગજના વિવિધ કેન્દ્રો ઉપર કાબૂ રાખી શકાય છે. આવા સંયમથી કોઈપણ ઈન્દ્રિય ઉપર સંપૂર્ણ કાબૂ સ્થાપી શકાય છે એટલું જ નહીં પણ આવી ઈન્દ્રિયોની કાર્યસીમાને ઓળંગીને ઈન્દ્રિયોથી પર એવું અસામાન્યજ્ઞાન પણ પ્રાપ્ત થઈ શકે છે.

મગજમાં એક કેન્દ્ર ભૂખ અને તરસનું છે. આ કેન્દ્રની પ્રવૃત્તિને લીધે જ આપણને ભૂખ અને તરસ લાગે છે. આ કેન્દ્ર વધુ ઉત્તેજિત થાય તો ભૂખતરસ વધી જાય, મંદ પડે તો ભૂખતરસ મંદ પડી જાય અને આ કેન્દ્રને શાંત પાડી દેવામાં આવે તો ભૂખતરસ જરાય લાગે નહીં.

પતંજલિ મુનિએ લખ્યું છે કે, **કંઠ કૂપે ક્ષુતપિપાસા નિવૃત્તિઃ** અર્થાત્ ગળાના અંદરના ભાગમાં સંયમ કરવાથી ભૂખ કે તરસ લાગતી નથી. આવો સંયમ જાલંધરબંધમાં સરળતાથી કરી શકાય છે. આવી અવસ્થામાં વાયુ મારફત શરીરને પંચમહાભૂતોરૂપ શરીરનો આહાર સૂક્ષ્મરૂપે મળ્યા કરે છે.

યોગની આ સિદ્ધિનું પ્રમાણભૂત દૃષ્ટાન્ત એટલે પવહારી બાબા. આજથી લગભગ દોઢસો વર્ષ અગાઉ પવહારી બાબાનો જન્મ વારાણસી પાસેના ગાઝીપુર ગામમાં બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. બાળપણથી જ તેઓ યોગીઓ પાસેથી યોગ શીખતા.



ગાઝીપુરની ઉત્તરમાં ગંગા નદીના કિનારે એમના કાકાને ત્યાં રહી એમણે નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળી ધર્મ અને યોગનો ઊંડો અભ્યાસ કર્યો. ત્યારબાદ એમણે સૌરાષ્ટ્રમાં ગિરનાર પર્વત ઉપર એક યોગીની પાસેથી યોગદીક્ષા લીધી.

દીક્ષા બાદ તેઓ પાછા વારાણસી આવ્યા અને ગંગાના કિનારે એક ગુફા બનાવી તેમાં તેઓ રહેતા. યોગની સાધના ઉપરાંત તેઓ શ્રી રામચંદ્રની પૂજા કરતા અને સરસ ભજન બનાવતા. એમની ગુફા પાસે લોકો પ્રસાદના ઢગલા કરતા તે તેઓ ગરીબોને અને યાત્રિકો તથા મિત્રોને વહેંચી આપતા અને પાછા ગુફાના અંદરના ભાગમાં ચાલ્યા જતા. તેઓ મોડી રાતે ગુફામાંથી નીકળી તરીને ગંગાને સામે કિનારે જતા અને આખી રાત યોગાભ્યાસ તથા ભજન કરીને વહેલી સવારે ભજનો ગાતાં ગાતાં પાછા ગુફામાં પ્રવેશતા. આમ તેઓ નિયમિત રીતે પોતાનો ખોરાક ઘટાડતા ગયા અને છેવટે રોજ મુઠ્ઠીભર લીમડાના પાન અને થોડી લાલ મરચાંની ભૂકી ખાઈને રહેતા.

પણ પછી તેઓ ગુફામાંથી બહાર નીકળવાનું પણ ઓછું ને ઓછું કરવા લાગ્યા. અને ક્યારેક તો મહિનાઓ સુધી ખાધાપીધા વગર ગુફામાં રહેતા. આથી લોકો પણ એમને પવહારી બાબા—પવનનો આહાર કરનાર બાબા તરીકે ઓળખવા લાગ્યા.

એક વાર તેઓ ઘણા મહિના સુધી બહાર જ ન આવ્યા એટલે લોકોએ માની લીધું કે તેમનો દેહાંત થઈ ગયો હશે. પણ વળી પાછા તેઓ ગુફામાંથી બહાર આવ્યા અને ઘણી જ મોટી સંખ્યામાં તેમણે સાધુસંતોને જમાડયા.

સ્વામી વિવેકાનંદ એક વાર આ સંતને મળવા ગુફામાં ગયા એમણે પવહારી બાબાને પૂછ્યું : બાબા આમ બેસી રહેવાને

બદલે બહાર આવી લોકોને સહાય કરો ને !

પવહારી બાબાએ જવાબમાં એક દૃષ્ટાંત કહ્યું કે એક ગુનેગારને રાજાએ સજા કરી એનું નાક અસ્ત્રાથી કપાવી નાંખ્યું. આ ગુનેગાર સાધુનો વેષ લઇ બીજે ગામ ગયો અને ત્યાં મોંને હાથથી ઢાંકી દઇ ધ્યાન ધરતો હોય એમ બેસી રહેવા લાગ્યો. અને ઉપદેશ કરવા લાગ્યો. એક યુવાન એની પાસે દીક્ષા લેવા આવ્યો ત્યારે દીક્ષાની એક ક્રિયાને નામે એ યુવાનનું નાક પણ કાપી એને નકટો બનાવ્યો. અને આમ નકટાઓનો સંપ્રદાય શરૂ થયો.

આ દૃષ્ટાંત આપીને પવહારી બાબાએ સ્વામી વિવેકાનંદને કહ્યું કે, બહાર આવીને સેવા કરવાને બહાને મારે કોઇ સંપ્રદાય સ્થાપવો નથી. વળી તમે સહાયની વાત કરો છો પણ સહાય માત્ર શરીરથી જ નથી થતી પણ મનથી પણ સહાય કરી શકાય. (આ કાર્ય મહાન સિદ્ધ યોગીઓ જ કરી શકે.)

સ્વામી વિવેકાનંદે પવહારી બાબાને બીજી મુલાકાત દરમિયાન પૂછ્યું : 'તમારા જેવા સિદ્ધ પુરુષો શા માટે યજ્ઞમાં આહુતિઓ આપે છે? શા માટે શ્રી રામચંદ્રજીની પૂજા કરે છે?'

પવહારી બાબાએ આવા કાર્યો પોતે અન્યનાં કલ્યાણ માટે કરતા હોવાનું જણાવ્યું હતું.

એક વાર એમની ગુફામાં એક ચોર આવ્યો. ચોરે અગાઉ બીજે ચોરેલી ચીજોનું પોટલું બાજુ પર મૂક્યું અને ગુફામાં અંધારામાં ચીજવસ્તુઓ શોધવા માંડી પણ ધ્યાનમાંથી જાગી ગયેલા પવહારી બાબાએ પૂછ્યું : તમે કોણ છો? કેમ આવ્યા છો.

ચોર ગભરાઇને પોટલી લેવાનું પણ ભૂલી જઇ ભાગવા લાગ્યો ત્યારે પવહારી બાબા પણ પોટલી લઇ એની પાછળ દોડયા



અને કહેવા લાગ્યા : અરે ઓ ભાઇ ! આ બધો માલ તમારો લાગે છે. લઇ તો જાવ.

એક વાર એમને ગુફામાં કાળો નાગ કરડયો ત્યારે તેઓ અનેક દિવસો સુધી બેભાન પડયા રહ્યા. જાગ્યા ત્યારે કેટલાકે નાગને જોયો. નાગ ભાગી ગયો. પવહારી બાબાએ કહ્યું કે આ નાગ તો પ્રિયતમના સંદેશવાહક તરીકે આવ્યો હતો.

ગુફાનું બારણું બંધ રાખીને જ તેઓ મળવા આવનારને જવાબ આપતા. ગુફામાંથી માત્ર યજ્ઞનો ધુમાડો બહાર આવતો. ક્યારેક પૂજાની સામગ્રી તૈયાર કરવાનો અવાજ સંભળાતો. સર્વ સાધનો પણ શુદ્ધ રાખવા જોઇએ તે સમજાવવા તેઓ પોતાના તાંબાના લોટાને ખૂબ સ્વચ્છ ને ચમકતો રાખતા.

તેઓ ક્યારેય પ્રવચનો કરતા નહીં. માત્ર પૂછેલા પ્રશ્નોના જવાબો આપતા. ગુફાનું બારણું બંધ રાખીને જ તેઓ ભજનો ગાતા.

ક્યારેક એમનાં દર્શન કરનારાઓના જણાવવા પ્રમાણે તેઓ ઊંચા અને કદાવર હતા. એમની એક આંખ ન હતી. તેઓ ઘણા જ નાની વયના દેખાતા.

જીવનનાં છેલ્લાં દસ વર્ષ દરમિયાન તો તેઓ કોઇને ય મળતા નહીં. ગુફાના દરવાજા પાસે બટાટા અને માખણ લોકો મૂકી જતા પણ તેય ક્યારેક કેટલાય દિવસો સુધી પડયું રહેતું.

અન્તમાં શરીરમાંથી યોગ દ્વારા અગ્નિ પ્રગટાવી એમણે દેહની અગ્નિમાં આહુતી આપી હતી.

આહાર વગર માત્ર હવાને આધારે જ જીવનાર 'ગિરિબાલા' વિશે પરમહંસ યોગાનંદે 'એક યોગીની આત્મકથા'માં પરિચય કરાવ્યો છે.

એક સાધકની

# ગંગાયાત્રાની નોંધપોથી

ઈલાબેન ભક્ત

તા. ૪-૪-૯૧

મારા રીઝર્વેશનનું કંઇ જ નક્કી ન હતું. છતાં મનને એવી શ્રદ્ધા હતી કે જેણે બોલાવી છે તે જ મારી વ્યવસ્થા કરશે. ને એમની પરમકૃપાથી વ્યવસ્થા થઈ ગઇ, હરિદ્વાર આનંદ ને સત્સંગ સાથે સૌ પ્રેમી ભક્તો સાથે ચોથી તારીખે સાંજે સાત વાગ્યે આવી ગયાં. આવ્યા પછી ગંગામૈયાનાં દર્શન કરી ગંગામાને અર્ધ્ય આપતાં પ્રાર્થના કરી. "હે મા! તારી વિશાળ સમૃદ્ધિ આગળ હું તને શું અર્પણ કરું? મા, તારા અંકે આવી છું તો મને પ્રેમથી સ્વીકાર, ધન્ય બનાવ, તારો પ્રવાહ જેમ વહી રહ્યો છે તેમ પ્રભુ તરફ મારો જીવનમાર્ગ વહાવ. તારા જેવી વિશાળતા, નિર્મળતા આપ. મારા જન્મોજનમના પાપો તારા નિર્મળ પ્રવાહમાં ધોઇ નાખ. મા, મને માથાથી પગ સુધી પાવન, પવિત્ર બનાવી દે. તારી ગોદમાં પ્રેમથી લે. મને પ્રેમાળ બનાવ. તારામાં સ્નાન કરાવી ધન્ય બનાવી આગળ ને આગળ લઇ જા. જેમ તું સમુદ્રદેવને મળવા એકધારી વહ્યા જ કરે છે, તેમ મને પણ પૂ. માને મળવા માટે–પૂ. પ્રભુને મળવા માટે એકધારી ગતિ આપ. પ્રભુ માર્ગે મને ધન્ય બનાવી આગળ ને આગળ લઇ જા." આ મારી પ્રાર્થનાના શબ્દો હતા.

૧૨૫ પ્રણામ બાકી હતા તે પ્રણામ કર્યાં. પ્રાર્થનારૂમમાં બેસી ગંગામૈયાની આરતી, રંગઅવધૂતની આરતી, બાવની ધૂન વગેરે



કરી, સૌ પોતપોતાના રૂમમાં ગયા.

હું સૂતી પણ મને ઊંઘ ના આવી. પૂ. મા જ યાદ આવ્યાં કરે ને મેં પ્રાર્થના કરી કે હે મા! તમે ક્યારે આવશો? મા, તમારી કૃપાથી જ અહીં બીજી વાર આવવાનું સદ્‌ભાગ્ય સાંપડયું છે તો પ્રભુમાર્ગે આગળ ને આગળ લઇ જજો. તમારા બીજા પ્રેમી ભક્તો જેવો પ્રેમભાવ, ભક્તિ, શ્રદ્ધા મારામાં પણ પ્રગટાવજો 'વંદન કરું પ્રભુ ચરણોમાં આજે' પ્રાર્થના કરી અહીં સારી રીતે લઇ આવ્યા તે બદલ મા પ્રભુનો આભાર માની ઊંઘી ગઇ.

તા. ૫-૪-૯૧

નિત્યકર્મથી પરવારી, ગંગામૈયાને નિયમમુજબ પ્રાર્થના કરી. પ્રાર્થનારૂમમાં જઇ પ્રાર્થના કરું છું કે હે અવધૂત મહારાજ તમારા પવિત્ર પરમાણુઓ આ રૂમમાં સમાયા જ છે તો એ પરમાણુ-ઓથી મારામાં નવી નવી શક્તિ, ભક્તિ, શ્રદ્ધા, પ્રેમ, ભાવ વધે એવી કૃપા કરો. હે મા પ્રભુ તમે અહીં સુધી લાવ્યા છો તો મારું મન પવિત્ર પરમાણુઓથી ભરી દેજો. મારું મન તમારામય બનાવી દેજો.

આજે પણ ૧૨૫ પ્રણામ કરીએ છીએ. પૂ. માની પ્રતીક્ષામાં જ અમારો દિવસ જાય છે. જ્યાં સુધી મા ના આવે ત્યાં સુધી કંઇ ગમે નહિ. છેવટે પ્રતીક્ષાનો અંત આવ્યો ને પૂ. મા પધાર્યાં. પૂ. માના દર્શનથી મન આનંદથી નાચી ઉઠયું. પૂ. મા સ્નાન કરીને સૌને રૂમમાં બેસાડે છે. શ્રદ્ધા વધે એ માટે માલતીબેનનો ફટકડીવાળો, મહાલેતાબેન ગાડીમાં ઊંઘી ગયા તે, ભોજાણીનો હાવડા કેન્સલના પ્રસંગોની વાતો કરી.

મોરબીવાળાને યાદ કરે છે ત્યાં જ તેઓ દાખલ થયા. મા, તું ખરેખર અંતર્યામી છે. તું બધું જ જાણે છે છતાં અમારા સૌની

વચ્ચે અજબ લીલા કરીને અમને ભોળવી રહી છો પણ મા હું તો તમને કહી જ દઉં છું કે મને તો ફક્ત મા, તમે જ જોઈએ. તમારું મન મને આપો. મા તમારામય મને બનાવી દો. તમારા ચરણમાં જ મને રાખો. મારા અવગુણોને ઓગાળી દો. મારા દોષો જોશો નહિ. મા, મને તમારી બનાવી લો. જાનીકાકા, બાપજી, પંડિતજી જેવા પ્રેમી ભક્તોના હૃદય જેવું મારું પ્રેમાળ ને ભાવવાળું હૈયું બનાવો. મારી શ્રદ્ધા, ભક્તિ, ભાવ, પ્રેમ વધારો. બાપજી 'દીલા દે ભીખ દર્શનની'વાળું ભાવવાહી ભજન ગાય છે ને મારી આંખોમાં આંસુ આવી જાય છે. મા આ બધા ભક્તોમાં તમે આટલો બધો પ્રેમ, ભાવ, શ્રદ્ધા જગાડો છો તો શું મારે માટે જ તમારો ખજાનો ખાલી થઇ ગયો છે? બોલો ને! મા હું વધારે નથી માગતી પણ તમારી કૃપાનું એકાદ કિરણ વહાવો તો તમારો ખજાનો કંઇ ખૂટી જવાનો નથી. મા હું તો તમારું જાડી બુદ્ધિવાળું બુદ્ધુ બાળક છું. તો એને આગળ વધારવાની ફરજ તમારી જ છે. બુદ્ધુ રહે તે કાંઇ તમને ગમે? તો પછી તમને ગમે તેવું તમે જ બનાવી લો. તમે કંઇ બોલો નહિ, કહો નહિ તો આ ગમાર ગામડિયણ બાળકને કંઇ જ સમજ નહિ પડે. માટે ગમારને તો ટીપી ટીપીને જ સીધું કરવું પડે. તો તમે ટીપી ટીપીને સીધુ કરીને સુંદર, રૂપાળું સ્વચ્છ, સારું બનાવી, તમારે માર્ગે આગળ વધારો ને તમારા અંકે લઇ લો. પૂર્ણપણે તમારું બનાવી તમારામાં સમાવી લો. ત્યારે જ મા ને બાળક બંને કૃતકૃત્ય થાય.

મનમાં પ્રાર્થું છું આજ સુધી બહુ જ ખાધા કર્યું છે તો આજથી અહીં રહું ત્યાં સુધી એક જ ટાઇમ જમું ને વચ્ચે નિર્જળાઓ પણ કરી શકું એવા આશીર્વાદ આપો.



મારા વ્હાલા મા પ્રભુ, ૬-૪-૯૧

પવિત્ર ચરણોમાં પ્રેમભર્યાં વંદન.

ગંગામૈયાની ને રોજની પ્રાર્થના કરી ત્યાં પૂ. મા એમના ત્રણ કપડાં સ્વેટર, સ્કાર્ફ અને મોજાં મોકલાવે છે. મને તો અંતરમાં આનંદ આનંદ થઇ ગયો! જાણે મા મારી સામે બ્રહ્મા, વિષ્ણુ, મહેશરૂપે પધાર્યાં. મેં પ્રાર્થના કરી કે હે મા પ્રભુ! બ્રહ્મારૂપે મારા જીવનમાં આવી નવ જીવનનું સર્જન કરવા નવા નવા સદ્‌વિચારોનું સર્જન કરી, અનેક સદ્‌ગુણોનું સિંચન કરો. વિષ્ણુરૂપે મારામાં ઉદ્‌ભવેલા સદ્‌વિચારોનું પોષણ કરી. મીઠી, મધુરી નવી જીંદગી બનાવો કે જેથી તમે શોભી ઉઠો. મહેશરૂપે આવી મારામાં રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ, રાગ, દ્વેષ, અહંતા મમતાનો નાશ કરી મને નિર્મળ બનાવી કલ્યાણ કરો. મને બાળક જેવી સરલ બનાવી દો.

સ્વેટરથી ઠંડી સામે રક્ષણ થાય છે તો મા તમે મારી જીંદગીનું બખ્તર બની મોહ–માયાના સંસારના કાદવ કીચડ સામે મારું રક્ષણ કરજો. સ્કાર્ફ માથાનું રક્ષણ કરે છે તો તમે મારા માથાનો સ્કાર્ફ બની મગજ અને કાનનું રક્ષણ કરી મગજ દ્વારા મંગલ જ સાંભળું. ભલે ગમે એટલી મારી નિંદા ટીકા થાય તો પણ કાન તથા મગજ ઠેકાણે રાખજો. તમારા ચરણકમળ (મોજાં માથે ચઢાવીને આનંદથી નાચીને પ્રાર્થના કરી કે મા તમારા ચરણકમળ મારા સદાય સહાયક બની રહો. આ સંસારમાં જ્યાં પગ મુકાય ત્યાં કાંટા, કંકરો હોય જ, તો એ કાંટા, કંકરો સામે પણ હિંમતથી ઝઝૂમવાની શક્તિ આપ્યા કરજો. તમારા ચરણો આગળ ને તમારા પગલે પગલે હું પાછળ. દરેક પગલે તમે મારી

સાથે છો ને જીવનભર રહેજો જ.

મા અગાસીમાં બેસે છે. સૌ પોતપોતાનું કામ કરે છે. હું મા સામે જોઇને પ્રાર્થના કરું છું. મા તમારી પાસે લાવ્યા છો તો હવે પાસે જ રાખજો. મારા અવગુણોને જોશો નહિ. મા મને તો ફક્ત મા જ જોઇએ છે. મા તમારું મન મને આપો ને મારું મન લઇ લો. તમારા હૃદયમાં સ્થાન આપો. તમારી વ્હાલી દીકરી બનાવો. મારા હૃદયમાં ખૂબ ભાવ, ભક્તિ, પ્રેમ જગાડો. મા તમારી ચેતનાઓથી મારી ચેતના જગાડો. મા તમારી જ્યોતિથી મારા અંતરમાં જ્યોતિ પ્રગટાવો ને મારા અંતરનો તમામ અંધકાર દૂર કરી દો. મા મને પૂર્ણપણે તમારી બનાવી લો. જેવી છું તેવી પણ તમારી જ છું કહેતાં કહેતાં આંખોમાં આંસુ આવી ગયાં. ને શરીર રોમાંચ અનુભવતાં જાણે બધા રૂંવાટાં ખડાં થયાં હોય તેવું ક્યાંય સુધી ચાલ્યા કર્યું.

પૂ. માની બેડસીટ, કવરો વગેરે ધોવા ગયા. હું અને નીમુબેન મળીને ધોઇએ છીએ. હું મા ને પ્રાર્થના કરું છું કે મા આ કેટલી જાડી છે કે અમારે બંનેએ મળીને ધોવું, નીચોવવું પડે છે તો હું પણ આવી અલ્પ, જાડી બુદ્ધિવાળી હોય તો તમારી આ, ગમાર દીકરીને પ્રભુ સાથે બંને મળીને ચોખ્ખી કરો ને પછી અપનાવી લો.

પૂ. મા ભજન ગાય છે. અમે બહાર બેસીને સાંભળીએ છીએ. 'જેવો તેવો પણ તારો' ભજન શરૂ કરે છે. સાંભળતાં જ હું રોમાંચ અનુભવું છું. પછી 'પ્રેમી પૂર્ણ બનાવો', તમે તો 'ઉઘાડો બારણાં' અને 'અપરાધ ક્ષમા કરો' એ ભજનોથી મારી આંખોમાંથી એકધારા આંસુઓ વહી રહ્યાં અને આજ સુધીના



મારાથી જે કંઇ અપરાધો થયા હોય તેની ક્ષમા માગી. અમારા માટે તમે પણ બારણાં ખોલી દો, મારામાં પણ કોઇ ભક્તિ કે શક્તિ નથી. મારા અપરાધો ક્ષમા કરો ને મને તમારી બનાવી લો.

## સદ્‌ભાવભરી ભેટ (ચાલુ) મે, ૯૧

રૂ.

૫૧ શ્રી ધનસુખલાલ મગનલાલ પટેલ, સુરત.

૧૦ શ્રી ધીરજલાલ ના. શાહ, મુંબઇ.

૨૧ એક સાધકભાઇ ભાવનગરના.

૧૦૧ સ્વ. નવલભાઇ ડાહ્યાભાઇ પટેલ, સુરત.

૨૧ ડૉ. ધર્મેશકુમારની મોરબી બદલી થતાં. હા. બાળાગૌરી.

૨૫ શ્રી દેવીપ્રસાદ પી. મહેતા, ધ્રાંગધ્રા.

૫૧ શ્રી ગજરાબેન મનુભાઇ સારંગ, સુરત–૧.

૧૧૧ વડોદરાના એક સેવાભાવી સાધક તરફથી.

૨૧ શ્રી શાન્તિલાલ એમ. પટેલ, સુરત–તરફથી સ્વ. ભાઇ જયેશ એલ. પટેલના સ્મરણાર્થે.

૨૫ એચ. જી. મોદી, પાટણ.

૨૫ શ્રી રમણભાઇ મહેતા, મોરબી–પુત્રી ગૌરાંગકુમારને યજ્ઞોપવિત આપવા નિમિત્તે.

૧૦૧ એક સજ્જન તરફથી.

૫૧ શ્રી દીનેશકુમાર રમણલાલ શાહ, એટલાન્ટા સીટી, અમેરીકા–જન્મદિન નિમિત્તે.

## કશુંયે સ્થિર ના

ક્યાંય કશું યે સ્થિર ના, જીવણ!
ક્યાંય કશું યે સ્થિર ના.
જગમાં કે જીવતરમાં, જીવણ!
ક્યાંય કશું યે સ્થિર ના.

સ્થૈર્ય વસ્યું જો નગમાં, જીવણ!
એમાં ઋજુ અન્તર ના.
માર્દવતા શી સરિતા નગથી
દોડે એ ઉદધિમાં, જીવણ!
ક્યાંય કશું યે સ્થિર ના.

મરજાદી મ્હેરામણ ઉમટે
ચન્દ્ર કિરણના સ્પર્શે.
ભરતી–ઓટે જલશિશુ નર્તે
સ્થિર કશું ય ન દર્શે, જીવણ!
ક્યાંય કશું યે સ્થિર ના.

સ્થિર ધરિત્રી ફેરા ફરતી
રવિના, રવિ નભ–રાસે
વિશ્વપતિ સ્થિર વાસે, જીવણ!
નૂતન નિત્ય પ્રકાશે, જીવણ!
વિભુ વિણ સ્થિર કશું ના.

ડૉ. રણજિત પટેલ (અનામી)



## શ્રી ગંગાસ્તુતિ

દેવી સુરેશ્વરી ભગવતી ગંગા!
ત્રિભુવન તારિણી તરંગમયી મા,
શંકર શિરપર વિચરણ કરતાં
ભગવતી ગંગે, નમન અમારા (૨)
કરજો સ્થિરમતિ ચરણે તમારાં.

ભાગીરથી, સુખદાયિની હે મા!
વેદશાસ્ત્ર સન્માનિત હે મા!
અજ્ઞાની મહિમાથી અજાણ્યા
ભગવતી ગંગે, નમન અમારા (૨)
રક્ષા કરજો શરણે તમારા.

હરિચરણની હે સુરસરિતા!
તરંગ તારાં હિમચંદ્ર સમાં!
સુંદર મોતી સમાં ઝળકતાં
ભગવતી ગંગે, નમન અમારા (૨)
પાપના ભાર ઉતારો અમારા

પ્રસાદથી પાવન પદ મળતાં
શ્રી ચરણો યમબંધન હરતાં,
સ્વર્ગસુખ ક્ષણમાં ધરનારાં
ભગવતી ગંગે, નમન અમારા (૨)
કરો મનોરથ શાંત અમારા.

પતિત ઉદ્ધારિણી જાહ્નવી ગંગા!
ભીષ્મ જનની હે મુનિવર કન્યા!

ખંડન હિમગીરીનું કરનારાં
ભગવતી ગંગે, નમન અમારા (૨)
ધન્ય કરી દો જીવન અમારાં.

કલ્પલતા સમ ફળ દેનારાં,
સમંદર પ્રતિ વિચરણ કરતાં,
ચંચલ વિમુખ વનિતા સરખાં
ભગવતી ગંગે, નમન અમારા (૨)
સન્મુખ રહેજો જીવન અમારા.

નરક નિવારિણી, હે મા ગંગા!
ક્લેષ વિનાશીની હે મા ગંગા!
વંદનથી શોક હરણ કરતાં
પ્રણામથી પીડા હરનારાં
ભગવતી ગંગે, નમન અમારા (૨)
શોક સમસ્ત હરજો અમારા.

ત્રિભુવનને મહિમા ધરનારાં,
સ્નાન થકી મુક્તિ દેનારાં,
દર્શનથી પાવન કરનારાં,
ભગવતી ગંગે, નમન અમારા (૨)
પુલકિત કરજો પ્રાણ અમારા.

પવિત્રતા તવ તરંગ ધરતાં,
કલ્યાણ પરમ સૌનું કરતાં,
ચરણ તમારા મુકુટમણિ શાં
ભગવતી ગંગે, નમન અમારા (૨)
સુગંધિત કરો જીવન અમારાં.



ત્રિભુવનના સાર સ્વરૂપ, હે મા!
મહીમંડળનાં માળી, તમે મા,
આરોગ્ય સૌને ધરનારાં
ભગવતી ગંગે, નમન અમારા (૨)
ક્ષમા કરી દો દોષ અમારા.

સદ્‌ગતિ સૌને ધરનારાં,
સર્વદુઃખને દળનારાં, મા!
અલકનંદા હે પરમાનંદા!
ભગવતી ગંગે, નમન અમારા (૨)
જનમ જનમ અમે બનીએ તમારાં.

ગંગાજીની સ્તુતિ કરનારા,
શ્રીમદ્ શંકરાચાર્ય છે ન્યારા,
અગણિત વંદન ચરણે તમારા,
નમન હજારો વાર અમારા, (૨)
જય જય હો શંકર સુખદાતા

શંકર સરવર નાંખે ફૂલડાં,
સર્વેશ્વરીની માળે પધાર્યાં,
ગંગા માએ સૌને વધાવ્યાં,
જય જય જય હો ગંગા માતા, (૨)
જય જય યોગેશ્વર ભગવંતા.

મા શ્રી સર્વેશ્વરી

# મારા ગુરુદેવ (૯)

નારાયણ હ. જાની

સને ૧૯૪૩ ના નવેમ્બરમાં મહાત્મા શ્રી યોગેશ્વરજીએ ઋષિકેશની દેવકીબાઇની ધર્મશાળાના મેનેજરની નોકરી છોડી. તે પાછળ પ્રભુનો અણકલ્પ્યો આદેશ મહત્ત્વનો ભાગ ભઝવી ગયો; કારણ કે શ્રી લક્ષ્મીબાઇના સ્વર્ગવાસ પછી ત્યાંના મેનેજરની કામગીરી બજાવવામાં કોઇ અવરોધ ન હતો. હવે શાન્તિથી કામ થઇ શકશે, એવી એમની કલ્પના હતી. વળી પૂ. માતાજીને પણ બોલાવી, થોડા દિવસ સાથે રાખવાં કે જેથી તેઓને આ પવિત્ર તીર્થમાં પોતાના સાન્નિધ્યમાં રહેવાનો લાભ મળે. પરંતુ માણસ ધારે છે કંઇ, અને પ્રભુ કરાવે છે કંઇ, એવું એમના જીવનમાં બન્યું.

પોતે કેવા સંજોગોમાં આ રાજીનામું આપ્યું તે અંગે પાછળથી અમારી સાથે વાત કરતાં તેઓએ જણાવેલું કે "અમે દેવકીબાઇના નિવાસના અમારા ઓરડામાં બેસી ધ્યાન કરતા હતા. અચાનક અમને અમારી અંદરથી જ એવો સ્પષ્ટ આદેશ સંભળાયો કે પ્રભુ–પ્રાપ્તિ માટે જે સર્વસમર્પણ કરવું જોઇએ, તે તેં ક્યાં કર્યું છે? તારી આજીવિકા આ નોકરી હશે તો જ ચાલશે, એવું હજી તું માની બેઠો છે. એટલે એનો ત્યાગ કર, અને એકમાત્ર પ્રભુ પર સંપૂર્ણ વિશ્વાસ રાખી, તેના જ ભરોસે જીવન ચલાવે, તો જ તારું સમર્પણ સાચું ઠરે.

આ આદેશ એટલો બધો સત્તાવાહી ને પ્રભાવશાળી હતો કે



મારાથી કોઇ પ્રકારે એની અવગણના થઇ શકે તેમ ન હતી. મેં તે જ ક્ષણે મારું રાજીનામું લખી નાંખ્યું ને સાચા અર્થમાં કેવળ પ્રભુનું શરણું સ્વીકારી લીધું."

પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના જીવનનો આ એક શકવર્તી નિર્ણય હતો. આગળનાં વર્ષોમાં સાધનાત્મક ક્ષેત્રે–પ્રકાશનો પથ જે ખેડાયો તેના પાયામાં આ નિર્ણય રહેલો છે, એ વાત આપણને યાદ રહે. તે સમયે તેઓએ આત્માના આ અવાજને અવગણ્યો હોત અને શ્રેયના પંથે જતાં–પ્રેયનો–પોતાની તેમ જ પૂ. માતાજી-ની આજીવિકા કે ભરણપોષણનું શું થશે તેનો જ વિચાર કર્યો હોત, તો ઐતિહાસિક નિર્ણય ન લઇ શક્યા હોત.

સમાજમાં આપણે ઘણા માણસોને કહેતા સાંભળીએ છીએ કે ભગવાન બધાને જીવાડે છે. પરંતુ જરા શાન્તિપૂર્વક વિચારો તો આવા ઉદ્ગારો–આવા લોકો કેવળ બોલવા ખાતર જ બોલતા હોય છે. તેઓએ પોતાના અંગત જીવનમાં ભગવાનને ભરોસે કશું જ છોડયું હોતું નથી; કશું છોડવાની તૈયારી હોતી નથી; કારણ કે આવા ઘણા લોકો પોતાના જીવનનિર્વાહ પૂરતો ધનસંચય ને સુખ સાહ્યબીનાં સાધનો વસાવી ચૂક્યા હોય છે. તેઓને ઈશ્વર કરતાં પોતાની એકઠી કરેલી સંપત્તની શક્તિમાં વધુ વિશ્વાસ હોય છે. છતાં ફક્ત પોતે ધાર્મિક છે તેવો દેખાવ કરવા ખાતર જ આવા વાણી પ્રલાપો કરતા રહે છે.

ભગવાન જ આપણું જીવન સંભાળશે, એની શક્તિ જ આપણું પોષણ અને રક્ષણ કરશે, એવી જીવંત શ્રદ્ધાનું દર્શન તો પૂ. શ્રી જેવા કોક વિરલ પુરુષના જીવનમાં આપણને જોવા મળે. એમણે પોતાના જીવનમાં પ્રભુ કેવી રીતે આપણને જીવાડે છે તે

જાતે અનુભવ્યું છે. એટલે જ એમને એ કહેવાનો અધિકાર છે એવું અમે માનીએ છીએ.

ઋષીકેશની નોકરી છોડી હિમાલયના અંદરના પહાડી પ્રદેશના એકાંતમાં રહી આ સાધના કરવી એવી ભાવના પૂ. મહાત્માજીની હતી. આ પહેલાં તેઓ એકવાર દેવપ્રયાગ અને દશરથાચલ સુધી ગયેલા. ત્યાંના પ્રખ્યાત જ્યોતિષાચાર્ય શ્રી ચક્રધર જોષીનો પરિચય એકવાર થયેલો. એથી ત્યાં જવા વિચાર્યું.

ઋષિકેશમાં જ પૂ. શ્રીને શ્રી ચંપકભાઈનો પરિચય થયેલો. તેઓ ગુપ્ત આવાસ માટે જ ભાગીને આવેલા. એટલે તેઓએ પૂ. મહાત્માજી સાથે દેવપ્રયાગ આવવાની ઇચ્છા દર્શાવી. પૂ. શ્રીએ પહેલેથી જ સ્પષ્ટ જણાવી દીધું કે તેઓ તીવ્ર એકાંતિક સાધના માટે જાય છે, એટલે તેઓ કોઈ વાતચીત કરશે નહિ. શ્રીચંપકભાઈની ઇચ્છા પણ કંઈ સાધનભજન કરવાની હોય તો આવી શકે છે. બાકી વાતચીતની અપેક્ષા ના રાખે.

શ્રી ચંપકભાઈએ કહેલું કે સાધનભજન તો ઠીક, પરંતુ આપ આવી સાધનામાં લાગશો, ત્યારે આપનું ધ્યાન રાખવા માટે, આપની સેવા માટે કોઈક હશે, તો સારું રહેશે, એમ માનું છું. તો મને એવી સેવાનો લાભ આપો.

પૂ. શ્રી જાણતા હતા કે શ્રી ચંપકભાઈ ભલે આઝાદીના લડવૈયા હોય, પરંતુ સુખી પરિવારમાંથી આવે છે. એટલે આવા એકાંત પ્રદેશોમાં ઉઠાવવાં પડતાં શારીરિક કષ્ટ એ ઉઠાવી શકશે? એવી એમને શંકા હતી. પરંતુ પૂ. શ્રી યોગેશ્વરજીએ ૧૯૪૩ ના ડિસેમ્બરમાં દશરથાચલ પર જઈ સાધના કરવાનો નિર્ણય લીધો તે પ્રસંગે શ્રી ચંપકભાઈએ જે ભારે કષ્ટ ઉઠાવ્યું, જે પ્રેમપૂર્વક



તેઓની સેવા કરી અને સંભાળ રાખી, તેણે સાબિત કરી આપ્યું કે શ્રી ચંપકભાઈનું માનસિક ખમીર ઘણું ઊંચું, ને કષ્ટ સહન કરવાની શક્તિ પણ અદ્‌ભુત કહી શકાય. પૂ. શ્રીના સાધનાત્મક ઇતિહાસમાં તે સુવર્ણ અક્ષરે સ્થાન પામી ચૂકી છે. પોતાની આત્મકથામાં પણ આથી જ તેઓએ ખૂબ જ સુંદર ભાવવાહી અંજલિ શ્રી ચંપકભાઈને આપી છે.

પૂ. શ્રી તો સાધનામાં લાગેલા, ત્યારે પૂ. શ્રી વતી તેઓ અમને પત્ર લખતા. અમારો આ પરિચય પણ આજના પત્રમિત્ર જેવો જ હતો; કારણ કે અમે પ્રત્યક્ષ રીતે એક બીજાને જોયેલા નહિ અને પૂ. શ્રીની પાસેથી સાંભળવાથી તેમ જ અમારા પત્રોના વાંચનથી, તેઓને અમારો કાલ્પનીક પરિચય મળી ગયેલો. મારા જીવનમાં મેં જોયેલા અનેક સજ્જન પુરુષોમાં શ્રી ચંપકભાઈ ખરે જ મોખરાનું સ્થાન શોભાવે છે એમ કહું તો તે ખોટું નથી.

પૂ. શ્રીની અહીંની સાધના ખરેખર ઉગ્ર, કઠણ કે કઠોર કહી શકાય એવી હતી. તેઓ નવહજાર ફૂટની ઉંચાઈ ધરાવતા આ સ્થાનમાં માત્ર કૌપીનભર રહેતા. શિયાળાની હાડ ગાળી નાંખતી અહીંની ઠંડી–માગસર માસના મરણિયા ખેલ–સમી હતી. છતાં એક પ્રભુની લગનમાં મગ્ન એવા યુવાનને માટે સહન કરવાનું સાહજીક બન્યું, તે પ્રભુની કૃપા જ લેખાય. નહિ તો માણસ નાહિમ્મત બનીને અહીંથી બીજી જ ક્ષણે ભાગી જાય. પૂ. શ્રી ચંપકભાઈ સાથે અહીં એક માસ જેટલા દીર્ઘકાળ સુધી રહ્યા ને કુશળક્ષેમ દેવપ્રયાગ પાછા ફર્યા તે પણ પ્રભુની–મા જગદંબાની કૃપા સિવાય ન સંભવી શકે.

પૂ. શ્રીને અહીં નિર્વિકલ્પ સમાધિનો પહેલીવાર અનુભવ

થયો. તે પ્રસંગનું વર્ણન અને પૂ. શ્રી સાથે થયેલ વાતચીત સંક્ષેપમાં તેઓએ મને પત્રમાં જણાવેલી. તેઓએ પૂ. શ્રીને પૂછેલું કે "સમાધિ અને ઊંઘમાં શો ફરક? આપ જ્યારે સમાધિની વાત કરો છો, ત્યારે મને કશું સમજાતું નથી."

પૂ. શ્રી : ઊંઘ એ દરેક જીવમાત્રની આવશ્યકતા છે. તે લેવી જ પડે. જો કોઈ હઠાગ્રહ કરી ન લે તો તેને તે પાડી દે છે. કોઈક વીરલા જ આ નિદ્રાનો વિજય સાધી શકે છે. એટલે ઊંઘ એ ત્રણ અવસ્થાઓમાંની તામસ અવસ્થા છે. તેને પ્રાપ્ત કરવા (સિવાય કે કોઈ રોગી) કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. સ્વપ્ન અવસ્થા ઊંઘ દરમ્યાન જ અનુભવાય છે. તે વખતે શરીર સૂતુ હોય છે, પણ મન જાગ્રત હોય છે, જે સ્વપ્ન જોતું હોય છે. ગાઢ નિદ્રા દરમ્યાન મન પણ શાન્ત થઈ જાય છે. ફક્ત તે સમય દરમ્યાન શરીરમાં રહેલ ચૈતન્યની સત્તા અસ્તિત્વ ધરાવતી હોય છે. એને લીધે જ ગાઢ નિદ્રામાં આપણને એ ચૈતન્યના આનંદ સ્વરૂપનો અનુભવ થતો રહે છે.

ઊંઘ દરમ્યાન તમારા શરીરના કોઈપણ અંગો ઉપર તમારી કોઈ સત્તા રહેતી નથી. શરીરનાં અંગો શિથિલ થઈ જાય છે શરીર ગમે તેમ ઢળી પડે છે.

જ્યારે સમાધિ એ ત્રણે અવસ્થાઓથી પર એવી તુરીય અવસ્થા છે. એમાં જાગ્રતિમાંથી જ સીધો પ્રવેશ કરી શકાય છે. શરીરને આડું પાડવાની જરૂર રહેતી નથી. તેમાં શરીર જે અવસ્થામાં બેઠેલું હોય, તે જ અવસ્થામાં રહે છે. તે સ્થિતિમાં આત્મતત્ત્વ સાથેના સીધા મનના સંપર્કને લઈને, મન આખું પરિવર્તિત થઈ જાય છે. એક વારની થોડી ક્ષણોની સાચી સમાધિ



પણ મનનું સમગ્ર રૂપાંતર કરી નાંખે છે. જેમ રંગ ભરેલા કુંડોમાં સફેદ વસ્ત્રને માત્ર એકવાર જ ઝબોળો, ને તેનું જેવું રૂપાંતર થઈ જાય, તેવું જ કંઈક, સમાધિસ્થ મહાપુરુષના મનનું થઈ જાય છે, તે નિર્મલ ને ચોક્ખું બની જાય છે.

જીવનમાં કદી પણ તે વિપથગામી બનતું નથી. પરંતુ લાખ્ખો સાધકોમાંથી બહુ જૂજ લોકો જ સમાધિની અંતિમ ઉચ્ચતમ અવસ્થાએ પહોંચી શકે છે, બાકી તો આ દિશામાં પગલાં ભરતાં ભરતાં, વચમાં પ્રાપ્ત થતી ભિન્ન ભિન્ન સિદ્ધિઓમાં અટવાઈ પડીને, જીવનનું પરમ લક્ષ્ય ચૂકી જાય છે.

"ઘણા જન્મોનાં પુણ્યો ને અતિ ભારે પરિશ્રમ ને પુરુષાર્થ વડે જ આ અવસ્થા પ્રાપ્ત થાય છે. સામાન્ય માનવો માટે તો માત્ર તે કલ્પનાનો વિષય રહી જાય છે. એટલે ઊંઘ જેવી તામસ સ્થિતિ સાથે સરખાવાની ભૂલ કદી ન કરતા."

"મનની અવસ્થાના થતા આ રૂપાંતરથી સમગ્ર વિશ્વમાં એક આત્મતત્ત્વની અનુભૂતિ સમાધિપ્રાપ્ત મહાપુરુષ સતત કરતા હોય છે. એને મન સતત આનંદ અને પ્રસન્નતા સિવાય કશું જ હોતું નથી. બદલાતી બાહ્ય પરિસ્થિતિઓ એના મનને અસર કરી શકતી નથી."

પૂ. શ્રીએ વળી અટકીને ઉમેર્યું, "પરમહંસદેવ શ્રી રામકૃષ્ણદેવને આવી અનુભૂતિ પ. પૂ. શ્રી તોતાપુરી મહારાજે કરાવેલી. કરોડોમાં કોક ભાગ્યશાળી જીવ પ્રભુકૃપાથી એ અવસ્થાએ પહોંચે છે બાકી મોટાભાગના તો વચ્ચે જ અટકી જાય છે." પ્રભુની કૃપાથી જ મને તેનો અનુભવ પણ થયો. નિર્વિકલ્પ સમાધિ દરમ્યાન માણસના હૃદયના સાહજીક ધબકારા પણ અતિ

ધીમા પડી જાય છે કાં કોકવાર સંપૂર્ણ સ્થગિત પણ થઇ જતા હોય છે.

આ બધા વિસ્તૃત ખુલાસાથી શ્રી ચંપકભાઇને ખૂબ આનંદ થયેલો. તેઓએ પૂ. શ્રીની આવી અવસ્થામાં છાતી આગળ કાન રાખીને તેના ધબકારઓ—સાંભળવા કોશિષ પણ કરેલી. તેઓને તે ખૂબ ધીમા લાગેલા. કશું જ માની ન લેવું તે શ્રી ચંપકભાઇનો સ્વભાવ હતો.

પૂ. મહાત્માજીની આ વિરલ અનુભૂતિના સમાચાર તેઓએ અમને પત્રમાં વિગતે જણાવેલ. જે વાંચીને મેં ને મારાં પત્નીએ ભારે આનંદની લાગણી અનુભવેલી. અમારી આધ્યાત્મિક સમજ તો બહુ ન હતી, પરંતુ જેને અમે પ્રેમ કરતા હતા એવી એક વ્યક્તિને પ્રભુકૃપાથી જે અસામાન્ય અનુભૂતિ મળેલી, તેની અમને ભારે ખુશી હતી. જેમ એક અબૂધ માનવીના મિત્રને કોઇ અમૂલ્ય હીરો પ્રાપ્ત થઇ જાય, તેની સાચી કિમ્મતની પૂરી જાણ સિવાય પણ મિત્રને થયેલી તેની સંપ્રાપ્તિની જાણથી—જેવો આનંદ પેલો અબૂધ માનવી અનુભવે એવું જ કંઇક અમારા માટે કહી શકાય.

શ્રી ચંપકભાઇએ જણાવેલું કે પૂ. મહાત્માજી તો ઘણો બધો સમય ભાવમય અવસ્થામાં રહેતા. એટલે બપોરના ભોજન માટે ખીચડી કે ભાખરી બનાવી હું તેઓની જાગ્રત અવસ્થાની રાહ જોતો. કેટલીક વાર એવું બનતું કે સાંજ સુધી તેઓમાં દેહભાન ન આવતું તો હું—એક માતા પોતાના રમતમાં મશગુલ બાળકને પકડી લાવી, થોડા કોળિયા ભરાવી દે, તેમ તેમને જગાડી પકડી લાવતો. અર્ધજાગ્રત અવસ્થામાં હું તેઓને થોડા કોળિયા ખવડાવી પણ દેતો. કારણ તેઓને ખવડાવીને જ અગર તેમની સાથે જ હું



ભોજન લેતો. મેં કદી એકલા ખાધું નથી. ગમે તેટલું ઠંડુ ભોજન ભલે પડી જતું, મને તેઓને મૂકીને ખાવાની ઇચ્છા કદી થઇ નહિ, એ પણ પ્રભુની કૃપા જ ગણાય.

વળી તેઓ કહેતા, "દિવસનો સૂર્ય ઉગે ત્યારથી તે આથમે ત્યાં સુધી હું બહાર તડકામાં બેસી રહેતો. રાત્રે મારો સહારો તાપણું બની રહેતું. પૂ. મહાત્માજી જો જાગ્રતભાવમાં હોય તો કદીક મારી સામે આવી તાપવા બેસતા. બાકી તો તેઓ બીજા ઓરડામાં કામળો ઓઢી આખી રાત બેસી રહેતા. દિવસે તડકામાં કામળો પાથરી બેસતા."

તે દિવસો દરમ્યાન એક દિવસ રાતે બારના સુમારે હું અચાનક જાગી બેચેની અનુભવવા લાગ્યો. મારાં પત્ની આ જોઇ વિચારમાં પડી ગયાં! મને હૃદયમાં ઊંડે ઊંડે એવું થતું કે જાણે મને કોઇ પ્રેમપૂર્વક યાદ કરી રહ્યું છે! આવો અનુભવ મારા માટે પહેલો હતો. અઠવાડિયા પછી શ્રી ચંપકભાઇનો લખેલો પત્ર મળ્યો. તેમાં તેઓએ લખ્યું હતું, પૂ. શ્રીને ગઇ રાતે અચાનક દેહ-ભાન આવ્યું ત્યારે તેઓએ મારી પાસે આવી પૂછ્યું, "નારાયણના કંઇ સમાચાર છે? તેમને આપણી અહીંની અનુભૂતિઓના સમાચાર લખજો. એમને આનંદ થશે."

આ વાંચતાં જ મને અને મારાં પત્નીને ખૂબ ખૂબ આનંદ થયેલો. દેવપ્રયાગમાં આવીને તેઓએ મને આ પત્ર લખેલો. તે મુંબઇમાં મને મળ્યો તે દિવસ ઉતરાણનો તા. ૧૪ જાન્યુ. ૧૯૪૪ નો હતો, તે આજેય યાદ છે. મેં ને મારાં પત્નીએ સાથે બેસી એ પત્ર કેટલીયવાર વાંચેલો. પરંતુ તે વર્ષોમાં એવું કોઇ ભાન નહિ કે આ કેટલી મોટી આધ્યાત્મિક ઉપલબ્ધિ છે અને ભવિષ્યમાં તેનું

મૂલ્ય ઘણું મોટું બની રહેશે.

તે પત્ર આવ્યો તેના આગલા દિને એટલે તા. ૧૩ જાન્યુ. ૧૯૪૪ ના રોજ મારા પત્નીને એક સરસ સ્વપ્નદર્શન થયું. તેમાં પૂ. શ્રી યોગેશ્વરજી એક પર્વત પરથી નીચે ઉતરી આવે છે. તેઓને હવે માથે વાળ ને ચહેરા ઉપર ભરાવદાર દાઢી છે. વળી તેઓ આ અગાઉ જે પોષાક પહેરતા તેને બદલે તેઓએ ત્યાગી વેષ ધારણ કરેલ છે. કમ્મરથી ઢીંચણ સુધીનો દોઢવારનો સફેદ ખાદીનો કકડો વીંટેલો છે ને શરીર પર પણ એવો બીજો કકડો ઓઢેલો છે.

તેઓ પર્વત પરથી નીચે ઉતરી, તળેટીમાં આવેલ પીપળાના વૃક્ષને ફરતા ઓટલા ઉપર બેસે છે ને મને પાસે બોલાવી કહે છે, "ચાલો નારાયણભાઇ, હું તમને ધ્યાન કરાવું." તેઓની આ સૂચના પ્રમાણે હું તેઓની સામે પલાઠીવાળી આંખો મીંચી બેસી જાઉં છું.

ને આ રીતે મારાં પત્નીનું સ્વપ્ન પૂરું થાય છે. તે પછી ૧૯૪૪ ના અંતમાં પૂ. શ્રી જ્યારે મુંબઇ પધાર્યાં અને અમે તેઓને બોમ્બે સેન્ટ્રલ રેલ્વેસ્ટેશને લેવા ગયા ત્યારે તે વખતનો તેમનો પોષાક સ્વપ્નદર્શનના પોષાક જેવો જ હતો. કદાચ આવા વેષપરિવર્તનથી અમે ચમકી ન જઇએ, અથવા તો હવે તેઓ પહેલાંના એક મિત્ર મટી ત્યાગી બન્યા છે અને હવેથી અમારો તેઓ સાથેનો વ્યવહાર એક સંસારી વ્યક્તિ સાથે હોય તેવો ન રહેવો જોઇએ, એવું આડકતરું સૂચન પણ તેમાં રહેલું હોય. તે જે હોય તે ખરું. પરંતુ પૂ. શ્રી યોગેશ્વરજીને અમે શરુમાં 'ભાઇ કહેતા. ભાઈલાલભાઇ એ આખા શબ્દનું એ એક ટૂંકું સાંસારિક



સંબોધન હતું. તેમાંથી તેઓ હવે મહાત્માજીનું સન્માનનીય સંબોધન અમારા તરફથી પામ્યા. એક સહાધ્યાયી મિત્ર પ્રત્યેના મિત્રભાવમાંથી ઉપર ઉઠી તેમને પૂજનીય તથા આદરણીય મહાત્મા માનવા અને વંદન કરવા જેટલી નમ્રતા અમારામાં ક્યાંથી આવી? તે અમને ખબર નથી. પ્રભુકૃપા સિવાય એવું ના થઈ શકે. એમ કરવામાં વ્યક્તિનું અહં સામાન્ય રીતે આડું આવતું હોય છે, એવું અમે જોયું છે તે અમારી બાબતમાં અવરોધક ન બન્યું, તે જ તે મહાપુરુષની અને પ્રભુની મોટી કૃપા.

(ક્રમશઃ)

## અંકો મોડા પ્રસિદ્ધ થવા અંગે

અધ્યાત્મનો એપ્રિલ ૯૧ અંક તંત્રી અંબાજી શિબિરમાં રોકાયેલા તેને લીધે, તેમ જ મે, ૧૯૯૧ નો અંક તેઓ પૂ. માના સાન્નિધ્યમાં હરદ્વાર ગયેલ હોવાથી મોડા પ્રસિદ્ધ કરી શકાયા છે, તો ગ્રાહકો તથા વાંચકો ક્ષમા કરે.

રામકથાનો હપ્તો પણ આ અંકમાં સમાવી શક્યા નથી. તો વાંચકો ક્ષમા કરે.

તંત્રી

## સદ્‌ભાવભરી ભેટ

રૂા.

૧૧ કૈલાસબેન ગૌરીશંકર જાની, મુંબઈ.

૨૧ મોરબીનાં એક બેન તરફથી હરદ્વારમાં.

૧૦૧ ટાટા મોબાઈલ આવતાં શ્રી હિમ્મતભાઈ પારેખ બીકાનેર તરફથી.

૧૦૧ શ્રી હિમ્મતભાઈ પારેખ, બીકાનેર તરફથી નવો ફ્લેટ મળતાં.

૫૧ નવી દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી હિમ્મતભાઈ પારેખ, બીકાનેર તરફથી.

૧૦૧ સ્વ. શ્રીમતી અમથીબેન મગનલાલ પંડયાના સ્મરણાર્થે, હા. સાવિત્રીબેન.

૩૧ શ્રી ચંપકલાલ ત્રિવેદી, બોરીવલી–પૌત્ર દિગંતના જન્મ નિમિત્તે.

૨૧ શ્રી ચંપકભાઈ ત્રિવેદી, બોરીવલી–પુત્રી કવિતાને નોકરી મળતાં.

૫૧ શ્રી અવ્યાય ધીરુભાઈ પટેલ, સુરત.

૫૧ શ્રી અશોકભાઈ પટેલ, સુરત–પુત્ર સંદીપ પૂ. માના સાન્નિધ્યમાં વ્યસનમુક્ત થતાં.

૧૦૧ શ્રી પી. એન. ભાટિયા, વડોદરા–નોકરીમાંથી નિવૃત્ત થતાં.

૫૧ કુ. ભાટિયાને હિંદુની હોસ્પીટલમાં Eye Surgeon તરીકે નોકરી મળતાં.

૫૧ શ્રી જગદીશભાઈ બાબરભાઈ પટેલ, બરબોધન–ખેતરમાં મીઠું પાણી નીકળતાં.

30 શ્રી ચીમનભાઈ મહેતા, સુરત–હરદ્વારમાં પૂ. માનો સત્સંગ મળતાં.

(અનુસંધાન પાના ૪૯ ઉપર)

## મુક્તિ માટેની કામના

આધ્યાત્મિક વિકાસ એ જ સર્વ કાંઇ છે. તેની ઇચ્છા રાખનારે અમુક બાબતો સારી પેઠે સમજી લેવાની જરૂર છે. પહેલાં તો તેણે નક્કી કરી લેવું જોઇએ કે ઈશ્વરની પ્રાપ્તિ એ જ જીવનનું ધ્યેય છે ને તે મેળવવામાં જ પુરુષાર્થ, માનવતા, સર્વ કાંઇ છે. વસ્તુતઃ સૌ કોઇ, પરમ શાંતિ, આનંદ ને સુખનું સ્વરૂપ છે. તે અનુભવવું ને સાક્ષાત્ સચ્ચિદાનંદ બની જવું એ આપાણું ધ્યેય હોવું જોઇએ. તાત્ત્વિક દૃષ્ટિએ દરેક મુક્ત છે, એટલે શોક, મોહ, લોભ, વાસનાઓ વગેરેથી સાચેસાચ મુક્ત થઇ જવું એ દરેકનું લક્ષ હોવું જોઇએ. આપણા સર્વે પ્રયત્નો એ મહાન અને ઉદાત્ત ધ્યેયની દિશામાં જ થવા જોઇએ. જીવનની પ્રત્યેક પળનો ઉપયોગ આપણે પ્રેમને અનુભવવામાં, શાંતિને મેળવવામાં અને આનંદની અનુભૂતિ કરવામાં કરવો જોઇએ. જેટલા પ્રમાણમાં આપણે પોતે પ્રેમ, શાન્તિ, અને આનંદ અનુભવતા થઇશું, તેટલા જ પ્રમાણમાં આપણે પરમાત્માની પાસે ને પાસે પહોંચતા જઇશું એ નક્કી.

માણસ આટલું જ સમજી જાય તો! પરંતુ અત્યારનો માણસ વાસનાનો એવો તો દાસ થયેલો છે કે તે સાચો આનંદ ભોગવી શકતો જ નથી. આ માટે તેણે સ્વાદ, વિષય કે રાગદ્વેષની ગુલામીમાંથી છુટવું પડશે. મુક્તિ માટેની કામના કરવી પડશે.

યોગેશ્વરજી

ADHYATMA Regd.No.GBV 113

# યાદ રાખો

. યાદ રાખો કે મનુષ્ય–શરીર કાંઇ જેને તેને મળતું નથી. એ એક દુર્લભ વસ્તુ છે. તે કલ્પવૃક્ષસમાન છે. તેમાંથી તમે ઇચ્છાનુસાર ફળ મેળવી શકશો. તમારી ઇચ્છા હોય તો સંસારના બે ઘડી આનંદ આપનારા વિષયી પદાર્થો પાછળ તેનો નાશ કરી શકો છો. નહિ તો મુક્તિની દિશામાં તેનો ઉપયોગ કરી તેને તમારા પ્રભુનું પવિત્ર મંદિર પણ બનાવી શકો છો. દિવસો ચાલ્યા જાય છે તેમ જીવન પણ ટૂંકું થતું જાય છે. એટલે જો ઉચ્ચ વસ્તુ પ્રાપ્ત કરવી હોય તો અત્યારથી જ પ્રયત્ન કરવાની જરૂર છે. દુનિયામાં અનેક પુરુષો થયા છે પણ આપણે તો થોડાક મહાન પુરુષો કે જેણે પ્રભુની પ્રસાદી ચાખી છે તેમને જ જાણીએ છીએ. હજારો જન્મ્યા ને કાળના પ્રવાહમાં અદૃશ્ય થયા. આપણે પણ જો અસાવધ રહીશું તો તે જ દશા પામવાના. માટે દૃઢ પુરુષાર્થ કરવો જોઇએ ને મહાન સંત પુરુષોના ગુણો આપણામાં ઉતારી પ્રેમ, શાંતિ ને આનંદની મૂર્તિ બની જવું જોઇએ. ત્યારે જ આપાણું જીવન કૃતકૃત્ય થશે.

ઈશ્વરના પ્રેમમાં મસ્ત રહેવામાં જેટલો આનંદ છે તેટલો સંસારભરમાં ક્યાંય નથી. આત્માના આનંદમાં મસ્ત રહેવામાં જેટલી મજા છે તેટલી સૃષ્ટિ સારીના કોઇ પણ પદાર્થમાં નથી. અરે, ઈશ્વરની પાછળ આંસુ સારવામાં જે રંગ છે તેનું બિંદુ પણ સ્વર્ગમાં ભોગસુખમાં નથી. માટે એ પ્યારા પ્રિયતમમાં જ રહેવું જોઇએ. એનું જ સ્મરણ કરવું જોઇએ ને એના જ ધ્યાનમાં મસ્ત રહેવું જોઇએ.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧.